Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૬
તા.૦૩-૦૩-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ ફાગણ સુદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૦ સૂર્યાસ્ત : ૦૬:૪૩

તાપમાન
ડીસા ૩૪.૨ | વડોદરા ૩૭.૨
અમદાવાદ ૩૪.૯ | સુરત ૩૪.
ગાંધીનગર ૩૪.૨ | નલિયા ૩૨.૪

ચાંદી : ૪૩૦૦૦ સોનું : ૩૦૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

# ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ પર જૂતું ફેંકાયું

## મીડિયા સાથે વાતચીત વેળા જ જૂતું ફેંકવામાં આવ્યું : જૂતું ફેંકનાર શખ્સની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી :દારૂબંધી હાય હાય, તાનાશાહી હાય હાયના નારા

ગાંધીનગર

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા પર આજે જૂતું ફેંકવામાં આવતા ભારે સનસનાટી મચી ગઈ હતી. જૂતું ફેંકનાર શખ્સની અટકાયત કરીને પૂછપરછનો દોર હાથ ધરવામાં આવ્યો હતો. જૂતું ફેંકનાર શખ્સે દારૂબંધી હાય હાય અને તાનાશાહી હાય હાયના નારા લગાવ્યા હતા. પોલીસે જૂતું ફેંકનાર ધંધુકાના વતની ગોપાલ ઈટાલીયાની અટકાયત કરી હતી. ગુજરાત વિધાનસભા નજીક પ્રદિપસિંહ જાડેજા પ્રશ્નોનો જવાબ આપી રહ્યા હતા ત્યારે જ આ બનાવ બન્યો હતો. જોકે સદનસીબી પ્રદિપસિંહ નમી જતા તેમને જૂતું વાગ્યું ન હતું. ગોપાલે જૂતું ફેંક્યુ ત્યારે તેણે દારૂબંધી હાય હાય...તાનાશાહી હાય હાય... બેરોજગારી કરીને જૂતાનો ઘા કર્યો હતો. પોલીસે તરત જ ગોપાલની ધરપકડ કરી લીધી હતી. પોલીસ ગોપાલની અટકાયત કરીને લઈ જઈ રહી હતી ત્યારે તેણે મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, આ યુવાનોનો, જનતાનો સરકારના અહંકાર સામે વિરોધ છે. ભ્રષ્ટાચાર અને બેરોજગારી સામે મારેલું જૂતું છે. પ્રદિપસિંહ જાડેજાને વિધાનસભાની બહારની ગેલેરીમાં ધંધૂકાના કર્મચારીએ જૂતું માર્યું ત્યારે તેઓ અમરેલીમાં સરપંચની હત્યા મુદ્દે પ્રતિક્રિયા આપી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગોપાલ એ જ યુવક છે જેણે ડેપ્યુટી સીએમ

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### ગ્રામ સમાજના ટુકડા

આઝાદી આવી પછી સહુને એમ હતુ કે ગામડાંઓ તો એક થઈને રહેશે, શહેરોને કદાચ એ નહિં આવડે. પરંતુ પરિસ્થિતિ વિપરીત થઈ ગઈ. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને રાજકારણીઓને કારણે ગામડાંઓમાં તડા પડવા લાગ્યા. ગ્રામ સમાજમાં આંતરિક કહલ અને વૈમનસ્ય પ્રવેશી ગયા. ચૂંટણીઓ તો ઘડીક આવે અને જાય પરંતુ પક્ષાપક્ષીને કારણે જે પૂર્વગ્રહ બંધાઈ જાય તેને ઓગળતા વર્ષો લાગે. એની સામે શહેરોમાં તો ચૂંટણીઓ પૂરી થાય કે સમાજ પાછો એકનો એક. દરેકને દરેક પક્ષો સાથે સારા સંબંધો હોય. માત્ર ચૂંટણી પૂરતી પક્ષા- પક્ષી હોય પરંતુ પછીથી કડવાશ નામનીય નહિં. ચૂંટણી પતી કે સહુ પોતાના ઉદ્યમમાં પ્રવૃત્ત. જ્યારે ગામડાંઓમાં તો ચૂંટણી પત્યા પછીના પડછાયા પણ બહુ લાંબા હોય છે અને સામાજિક સંબંધો ઉપર પણ એનો પ્રભાવ પડતો હોય છે. ગ્રામ સમાજે આવા ક્ષુલ્લક કારણોસર પોતાના તિરાડ ન પડવા દેવી જોઈએ અને રાજકીય વિચારધારા કોઈ પણ પક્ષ તરફની હોય, સામાજિક વિચારધારા તો સંયુક્ત, એક, નેક અને ટેકવાળી હોવી જોઈએ.

ગિજુભાઈ ભરાડ

# મોદી સરકાર દ્વારા આક્રમક યોજના તૈયાર કરાઈ

# માર્ચ ૨૦૧૮ સુધી ૨.૮૦ લાખ નવી નોકરી અપાશે

## જુદા જુદા સરકારી વિભાગોમાં કર્મીઓ વધારાશે : રેલવે, વિદેશ, સંરક્ષણ સહિતના વિભાગોમાં કર્મચારી વધારાશે

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૧૮ સુધી ૨.૮૦ લાખ લોકોને નોકરી આપવા માટે કમર કસી લીધી છે. કેન્દ્ર સરકારે લાખો કર્મચારીઓની બહાલી માટે બજેટ ઉપલબ્ધ કરાવી દીધું છે. આનાથી સ્પષ્ટ છે કે કેન્દ્ર સરકાર હેઠળ આવતા પોલીસ બળ અને ટેક્સ અધિકારીઓની સંખ્યામાં વધારો થશે. ૨.૮૦ લાખ નવી ભરતી પૈકી ૧.૮૦ લાખ ભરતી પોલીસ, આવકવેરા, જુદા જુદા ટેક્સ વિભાગો માટે થશે. માર્ચ ૨૦૧૬માં કેન્દ્ર સરકારે કુલ ૫૫ વિભાગો અને મંત્રાલયોમાં ૩૨.૩૪ લાખ સ્ટાફના લોકો હતા. આમાં રેલવેના ૧૩.૩૧ લાખ કર્મચારી પણ સામેલ છે પરંતુ આ આંકડામાં ડિફેન્સ ફોર્સના જવાનોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જો ભરતીના લક્ષ્યને હાંસલ કરી લેવામાં આવશે તો આગામી એક વર્ષના ગાળાની અંદર અથવા તો માર્ચ ૨૦૧૮ સુધી કેન્દ્રિય કર્મચારીઓની સંખ્યા વધીને ૩૫.૬૭ લાખ થઈ જશે. સરકારની નજરમાં કાયદો લાગુ

અનુસંધાન પાના નં.૬

# ઓનલાઈન ટ્રેન ટિકિટ માટે આધારકાર્ડ ફરજીયાત

### છેતરપિંડી અને બલ્ક ટિકિટ બુકીંગ પર અંકુશ મુકવાનો મુખ્ય હેતુ

નવી દિલ્હી

રેલવે ટિકિટ બુકીંગમાં થતી છેતરપિંડી અને બલ્ક ટિકિટ બુકીંગ ઉપર અંકુશ મુકવાના હેતુસર રેલવેએ ટૂંક સમયમાં જ આધારકાર્ડ આધારીત ઓનલાઈન ટિકિટ બુકીંગ સિસ્ટમને અમલી કરનાર છે. આ સિસ્ટમ અમલી બની ગયા બાદ આધાર કાર્ડના નંબર વિના ઓનલાઈન ટિકિટ બુક થઈ શકશે નહીં. આધારને ટ્રેન ટિકિટ ઓનલાઈન બુક કરાવવા માટે ફરજિયાત બનાવી દેવામાં આવશે. આધારકાર્ડ વગર ઓનલાઈન ટિકિટ બુક નહીં થવાની સ્થિતિમાં છેતરપિંડીને રોકી શકાશે. સાથે સાથે બલ્ક ટિકિટના બુકીંગ પણ થઈ શકશે નહીં. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ આજે નવા બિઝનેસ પ્લાન વર્ષ ૨૦૧૭-૧૮ની જાહેરાત કરી હતી. નવા બિઝનેસ પ્લાનમાં જણાવવામાં આવ્યું છે કે આધાર આધારીત ટિકિટીંગ સિસ્ટમ ઉપરાંત રેલવે દેશભરમાં ૬૦૦૦ પોઈન્ટ ઓફ સેલ મશીન અને ૧૦૦૦ ઓટોમેટિક ટિકિટ વેન્ડીંગ મશિન સ્થાપિત કરીને કેસલેશ ટિકિટીંગની દિશામાં આગળ વધશે. ઈન્ટેગ્રેટેડ ટિકિટીંગ એપ કેસલેશ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા માટે મે મહિના સુધી લોન્ચ કરી દેવામાં આવશે. આધાર નંબર આઈઆરસીટીસી ટિકિટિંગ સાઈટ ઉપર એક વખતે નોંધણી કરવા માટે જરૂર પડશે. આ પગલાંનો હેતુ બનાવટી ઓળખ આપીને નોંધણી કરાવવાથી લોકોને રોકી શકાશે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ આ સંદર્ભમાં માહિતી આપતા કહ્યું હતું કે રેલવે દ્વારા આ હેતુ માટે એક સોફ્ટવેર તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે.

# ડીસા પાલિકાની ત્રણ દુકાનોની હરાજી પર મનાઈ હુકમ

### જીલ્લા કલેક્ટરે મનાઈ ફરમાવતા હરાજી મોકૂફ રખાઈ

ડીસા

ડીસા નગરપાલિકા દ્વારા સરકારી હોસ્પિટલ પાસે બનાવવામાં આવેલ શોપિંગ સેન્ટર ની ત્રણ દુકાનોની હરાજી પર ગઈકાલે જિલ્લા કલેક્ટરે મનાઈ હુકમ પાઠવતા હાલ પૂરતી આ ત્રણેય દુકાનોની હરાજી મોકૂફ રાખવામાં આવી છે.

ડીસા નગરપાલિકા દ્વારા સરકારી હોસ્પિટલ પાસે બનાવવામાં આવેલ શોપિંગ સેન્ટર ની ૨૦૧૨ જાહેર હરાજી કરવામાં આવી હતી જેમાં દુકાન નંબર ૨,૮ અને ૧૩ ની પણ હરાજી કરવામાં આવી હતી.

પરંતુ નગરપાલિકા સત્તા ધીશોએ આ ત્રણેય દુકાનોની હરાજી અગમ્ય કારણોસર રદ કરી હતી. અને નગરપાલિકાએ ગત જનરલ બોર્ડની બેઠક માં આ દુકાનોની હરાજી કરવાનો નિર્ણય લીધો હતો.તેમજ સ્થાનીક અખબારમાં આ દુકાનોની હરાજી ની જાહેરાત જોતા આ દુકાન ન.૨ ને હરાજી માં ખરીદનાર રમેશભાઈ અમરાજી માજીરાણા એ જિલ્લા કલેક્ટર માં અપીલ કરી હતી જેથી જિલ્લા કલેક્ટર પાલનપુર ની કોર્ટ માં આ વિવાદ અપીલ દાખલ કરતા હાલ પૂરતી આ હરાજી નો હુકમ અને હરાજી મોકૂફ રાખવાનો હુકમ કર્યો છે.

# ડીસામાં એલઈડી સ્ટ્રીટલાઈટના મુદ્દે વિવાદ

### ટેન્ડરની શરતોનો ભંગ થયાનો આક્ષેપ કરી કારોબારી સમિતિએ ટેન્ડર રદ કરવા ઠરાવ કર્યો

ડીસા

ડીસામાં સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવતાં સમગ્ર રાજયમાં પ્રથમ સો ટકા સ્ટ્રીટ લાઈટ વાળુ શહેર બન્યુ હતું. પરંતુ તેની ટેન્ડરની શરતોમાં ભંગ થયો હોવાનું જણાવી કારોબારી સમિતિએ ટેન્ડર રદ કરવાનો ઠરાવ કરતાં વિવાદ સર્જાયો છે. જો કે, પાલિકા પ્રમુખે આ મુદ્દે સમીક્ષા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ડીસા નગરપાલિકા દ્વારા રાજયભરમાં સૌ પ્રથમ ૧૦૦ ટકા એલઈડી લાઈટ લગાવી ગત ડિસેમ્બર માસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડીસામાં આગમનની પૂર્વ સંધ્યાએ તેનું રાજયકક્ષાના મંત્રી કેશાજી ચૌહાણના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું. તે જ રીતે શહેરમાં પાણી વિતરણની વ્યવસ્થામાં પણ આધુનિક 'સ્કાડા' સીસ્ટમ રાજયભરમાં પ્રથમ વખત લગાવાઈ હોવાનો પ્રચાર કરી વિજ

અનુસંધાન પાના નં.૬

#### ટેન્ડરની શરતોનો ભંગ કરાયો છે : ચેરમેન કારોબારી સમિતિ

આ અંગે કારોબારી સમિતિના ચેરમેન શશીકાન્તભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, બંન્ને પ્રોજેકટમાં કંપનીઓએ ટેન્ડરની શરતોનો ભંગ કર્યો છે. ઓછા વોટની સ્ટ્રીટ લાઈટ નાંખી છેતરપીંડી કરી છે. ભાજપા સુશાસનના સંદેશ સાથે કામ કરતી હોઈ પ્રજાનું હિત પ્રથમ વિચારવું પડે. આવી સ્થિતિમાં ખોટી વાહવાહી ચલાવી ન લેવાય. તેથી કારોબારી સમિતિમાં બંન્ને પ્રોજેકટ રદ કરવાનો ઠરાવ કરાયો છે.

#### ઠરાવ બાબતે સમીક્ષા કરાશે : પાલિકા પ્રમુખ

પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળીએ જણાવ્યું હતું કે, બંન્ને પ્રોજેક્ટ અમલમાં મુકાયા અગાઉ જનરલ બોર્ડમાં તે પૂર્વ સંમતિ મંજુર કરાયા હતા. સ્ટ્રીટ લાઈટોની નિયમ મુજબ લગાવાઈ છે તેનાથી પાલિકાને ચોક્કસ ફાયદો થયો છે. પાલિકામાં જનરલ બોર્ડ સર્વોપરી છે ત્યારે જનરલ બોર્ડે કરેલા ઠરાવ કારોબારી રદ કરી શકે કે કેમ તેની સમીક્ષા કરાશે.

# ડીસામાં કોલ્ડ સ્ટોરેજ અને વેપારી પેઢીમાં આવક વેરાની તપાસ

### નોટબંધી દરમ્યાન થયેલા વ્યવહારો મુદ્દે તપાસ




ડીસા

નોટબંધી સમયે સરકારી ગાઈડલાઈનના વિરૂધ્ધ થયેલા બેંકિંગ વ્યવહારો અંગે દેશભરમાં આવકવેરા દ્વારા નોટીસો-તપાસ શરૂ થઈ છે ત્યારે ડીસામાં ગુરૂવારે કોલ્ડ સ્ટોરેજ અને વેપારી પેઢીમાં પણ બેંકિંગ ટ્રાન્જેકશન અંતર્ગત ઈન્કમટેક્ષ વિભાગે તપાસ હાથ ધરી હતી.

ડીસાના કાંટ રોડ ઉપર આવેલા અંબિકા કોલ્ડ સ્ટોરેજ તથા ઈન્દીરા ભવન પાછળ આવેલ અંબિકા સીડસ કોર્પોરેશન પેઢીમાં ગઈકાલે આવકવેરા વિભાગ પાલનપુરની ટીમે ઓચિંતિ તપાસ હાથ ધરી હતી. જેના પગલે શહેરમાં આઈટીના દરોડા પડયા હોવાની વાત વાયુ વેગે ફેલાઈ હતી. ઈન્કમ ટેક્ષના સુત્રોના જણાવ્યા મુજબ નોટબંધીના સમય દરમ્યાન નિયમની વિરૂધ્ધ થયેલા બેંકિંગ વ્યવહારો અને નાણાં જમા કરાવવા અંગેની વિગતોની તપાસ હાથ ધરવામાં આવી છે. આ બાબતે ક્રોસ વેરીફિકેશન પણ કરાશે.

## સાર સમાચાર...

### અમદાવાદ : લઘુત્તમ તાપમાન ઘટ્યું પરંતુ ગરમીનો અનુભવ

અમદાવાદ

અમદાવાદ શહેર અને રાજ્યમાં બુધવારની સરખામણીમાં આજે ગુરૂવારે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ભારે ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. અમદાવાદ શહેરમાં બુધવારની તુલનામાં મહત્તમ તાપમાન ઘટ્યું હતું. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી નોંધાયું હતું જે ગઈકાલે બુધવારના દિવસે ૩૬ ડિગ્રી નોંધાયું હતું. પાટનગર ગાંધીનગરમાં આજે તાપમાન ઘટીને ૩૪.૨ ડિગ્રી થયું હતું. જે બુધવારે ૩૬.૫ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના ઘણા ભાગોમાં આજે પણ પારો ૩૭ ઉપર રહ્યો હતો. જેમાં વડોદરાનો સમાવેશ થાય છે. વડોદરામાં સૌથી વધારે ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો.

# ભાભર બાદ ધાનેરાની અર્બુદા ક્રેડીટ સોસાયટીમાં તપાસ શરૂ

### સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચ બાદ એલ.સી.બી. પોલીસ દ્વારા પણ તપાસના ચક્રો ગતિમાન

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લા એલ.સી.બી. પોલીસે ધાનેરાની અર્બુદા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટીના તાળા તોડી જૂના દસ્તાવેજો અને રેકર્ડ કબ્જે કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

રાજસ્થાનના માઉન્ટ આબુમાં મુખ્ય ઓફિસ ધરાવતી મલ્ટીપલ અર્બુદા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટીની જિલ્લા પાલનપુર, ડીસા, ભીલડી, દિયોદર અને ભાભર ખાતે પણ શાખાઓ આવેલ હતી પરંતુ તેનો સંચાલક રાકેશ ઉર્ફે બોબી અગ્રવાલ ગ્રાહકોના કરોડો રૂપિયાની ઉચાપત કરી ભુગર્ભમાં ઉતરી ગયો છે.

તેથી શાખાઓ દ્વારા તેની વિરૂધ્ધ ફરીયાદો નોંધાઈ છે. જેમાં ગ્રાહકોના કરોડો રૂપિયા સલવાયા છે પરંતુ રાજકીય વગધારી સંચાલક હાથમાં આવતો નથી. જોકે દબાણ વધી પડતા આ કેસ સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગરને સુપ્રત કરાયો છે. તેથી આ ટીમે ગતરોજ ભાભરની શાખામાં તપાસ હાથ ધરી રેકર્ડ કબ્જે લીધુ હતું. જેના બીજા દિવસે હરકતમાં આવેલ એલ.સી.બી. ની ટીમે પણ આ મામલે તપાસ શરૂ કરી છે. જેમાં ધાનેરા પોલીસ મથકે સંચાલકો વિરૂધ્ધ ૧.૪૯ કરોડની ઉચાપતની નોંધાયેલ ફરીયાદ સંદર્ભે પી.આઈ. જે.એચ.સિંધવે સ્ટાફ સાથે શાખાના તાળા તોડી અંદર પડેલ ખાતાઓને લગતી, વિવિધ યોજનાઓને લગતી માહિતી અને પુરાવા એકત્ર કર્યા હતા તેમજ શાખા મેનેજરની પણ આકરી પૂછપરછ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તેથી રોકાણકારોને તેમના સલવાયેલા રૂપિયા પણ મળવાની આશા બંધાઈ છે. આ ઉપરાંત સોસાયટીની ડીસા અને પાલનપુર શાખામાં પણ તપાસ હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું હતું

# ડીસામાં પ્રયાગ ઉત્સવ અંજનશલાકા નવાહ્નિકા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

### પૂજ્ય રાષ્ટ્રસંતશ્રીની પાવન નિશ્રામાં દ્વારોદ્ઘાટન સાથે પ્રભુના દર્શન

ડીસા

ડીસામાં સુવિશાલ ગચ્છાધિપતિ પ્રતિષ્ઠાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જયન્તસેનસૂરીશ્વરજી મ.સા. 'મધુકર'ની પાવન નિશ્રામાં ઉજવાયેલા પ્રયાગ ઉત્સવને લઈ છેલ્લા નવ દિવસ સુધી સમગ્ર શહેરનો માહોલ ભક્તિ ભાવનાની સુગંધથી જાણે સુગંધમય બન્યો હોય તેવો જણાઈ રહ્યો હતો.



આ નવાહ્નિકા મહોત્સવ નિમિત્તે બુધવારે પ્રવજ્યા પ્રદાન મહોત્સવ બાદ નેમિનાથ નગરે કલિકાલ કલ્પતરૂ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાદિ જિનબિંબની પ્રતિષ્ઠા અને આદિનાથ નગર ખાતે પ.પૂ.આ.ભ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.આદિ ગુરૂબિંબની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ગઈકાલે ગુરૂવારે જિનબિંબ અને ગુરૂબિંબની દ્વારોદ્ઘાટન વિધિ સંપન્ન થઈ હતી. આમ નવ દિવસના આ જિનબિંબ પ્રતિષ્ઠા, ગુરૂબિંબ પ્રતિષ્ઠા અને પ્રવજ્યા પ્રદાન મહામહોત્સવ ધર્મોલ્લાસ ભર્યા વાતાવરણમાં સુખરૂપ સંપન્ન થયો હતો.

## ગતકડું...!

- દેવેન વ્યાસ




યોગ કરવાથી મત ખેંચી શકવાની તાકાત આવતી હોય તો....!!!!



સૂર્યોદય -૭.૦૦ સૂર્યાસ્ત - ૬.૪૩

## તિથિદર્શન
ફાગણ સુદ ૪ ગુરૂવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ફાગણ સુદ ચોથ ગુરૂવાર નક્ષત્ર:અશ્વિની રાત્રે ૧.૪૧ પછી ભરણી યોગ:શુકલ કરણ: બવ આજે જન્મેલા બાળકની મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### અસ્થિરં જીવિતં લોકે અસ્થિરે ધનયૌવને અસ્થિરાઃ પુત્ર દારાશ્ચ ધર્મઃ કીર્તિદ્વયં સ્થિરમ્

'આ લોક, સંસાર - વ્યવહારમાં, આયુષ્ય, ધન, યૌવન, પુત્રો- પુત્રીઓ અને સ્ત્રી આ બધાં જ અસ્થિર છે. અર્થાત્ કોઈ કાયમી રહેવાનાં નથી, પરંતુ ફક્ત ધર્મ અને કીર્તિ આ બે જ વસ્તુ સ્થિર, કાયમી, સાથે રહેવાની છે.' જીવનમાં કરેલાં સત્કાર્યો -સેવા અને પરોપકાર માટે કરેલાં પરમાર્થનાં કાર્યો જ સાચું જીવન છે. વ્યક્તિ નિઃસ્વાર્થપણે જરૂરિયાતમંદ દીન- દુખિયાંની, કોઈ પણ અપેક્ષા વિના, ગુપ્ત રીતે કે ઢોલ- નગારાં- બેનર- ફોટા પડાવ્યા વિના જ જો મદદ કરે તો એવાં સેવાકાર્યો જ 'સફળ' કહેવાય છે ને ઈશ્વરના દરબારમાં તો નોંધ લેવાય જ છે પણ સમાજ પણ યોગ્ય રીતે તેમની કદર કરે છે અને 'કીર્તિ' મળે, જે જીવનના અંત પછી પણ સાથે આવે છે. આજે પૂર્વ દાતાઓએ કરેલાં સેવાકાર્યો અનેકને ઉપકારક છે અને લોકોના મૂક આશીર્વાદ પામે છે. ઈશ્વરનું ચિંતન- પ્રાર્થના- ભજન- મનન આત્માની જાગૃતિ માટે છે, જાગૃત આત્મા- જીવને દુષ્કૃત્યો કરતાં અટકાવે છે અને જીવને સાચી દિશામાં લઈ જનારાં પુણ્યકાર્યો માટે પ્રેરે છે, અને જીવનની એ જ સાચી દિશા છે. કોઈનું બૂરું ન કરવું અને મદદ કરવી એ જ ધર્મ, એ જ સત્કાર્ય છે. આમ, ધર્મ અને કીર્તિ જ જીવન દરમિયાન અને મૃત્યુ પછી પણ કામ આવવાનાં છે એ જ સ્થિર- કાયમી છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) નવિન આયોજન માટે વિશેષ મહેનત જરૂરી બને. ગુપ્ત ચિંતા સતાવે.**
**વૃષભ : (બ.વ.ઉ.)વાણી સંયમ જાળવવો હિતાવહ. અટકેલા કાર્યમાં પ્રગતિ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)સફળતા માટે વધુ પરિશ્રમ જરૂરી બને. આર્થિક સમસ્યા રહે.**
**કર્ક : (ડ.હ.) પારિવારીક જીવનમાં આનંદ રહે. નવિન કાર્યમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.) લોટરી, શેર-સટ્ટામાં સાવધાની રાખવી. આકસ્મીક પ્રવાસના યોગ બને.**
**કન્યા : (પ.ઠ.ણ.)સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં લાભ.**
**તુલા : (ર.ત.)મિત્રો સાથે મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**વૃશ્ચિક : (ન.ય.)વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે. મહેનતનું શુભ ફળ મળે.**
**ધન : (ભ.ફ.ધ.)વડીલ, મિત્રો, સ્વજનોથી લાભ થાય. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**
**મકર : (ખ.જ.)મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.) વ્યર્થ ભાગ-દોડના ભોગ બનવું પડે. ખર્ચનો પ્રસંગ બને.**
**મીન : (દ.ચ.જ.થ.)શારીરિક અસ્વસ્થતા અનુભવાય. નવિન ખરીદી થાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ટેલિફોનના મૂળ શોધ એલેકઝાન્ડર ગ્રેહામ બેલની જન્મ જયંતિ છે. એમનો જન્મ તા. ૩-૩-૧૮૪૭ના રોજ સ્કોટલેન્ડમાં એડિનબર મુકામે થયેલો છે.

બહેરાઓને તાલીમ આપી શકે એવા શિક્ષકો તૈયાર કરનાર ગ્રેહામ બેલે નવરાશના સમયમાં 'હાત્મોનિકટેલિગ્રાફ' અંગે સંશોધન કર્યું અને શોધી કાઢયું કે ' જો ધાતુની પતરીના એકસમૂહને એવા જ બીજા સમૂહ સાથે તાર અને બેટરીથી સાંકળવામાં આવે તો પ્રથમ સમૂહ પર પડતાં અવાજના આંદોલનો જેવા જ સામા સમૂહમાં થઈ શકે છે.

આ મહાન વૈજ્ઞાનિકનું તા. ૨-૮-૧૯૨૨ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૮૯૮૯ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

**તા ૦૨.૦૩.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ( ૮૯૧૨ ) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૮૮૮૮ પોઈન્ટના પ્રથમ અને ૮૮૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૮૯૪૦ પોઈન્ટથી ૮૯૬૬ પોઈન્ટ, ૮૯૮૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૮૯૮૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ...

**૧) બાયોકોન લિમિટેડ ( ૧૦૨૯ ) :- ફાર્મા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૦૧૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૦૦૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૦૪૭ થી રૂ.૧૦૬૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૦૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) મહિન્દ્રા ૠ મહિન્દ્રા ( ૧૩૨૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૧૩ આસપાસ પોઝીટ-ીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૦૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૫૧ થી રૂ.૧૩૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) એકસિસ બેન્ક ( ૫૦૯ ) :- રૂ.૪૯૦ પ્રથમ તેમજ રૂ.૪૮૧ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ. ૫૧૭ થી રૂ. ૫૪૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ૐઝન ટેકનોલોજી ( ૮૪૫ ) :- ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૮૬૧ થી રૂ.૮૭૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૮૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ભારત પેટ્રો ( ૬૩૫ ) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૧૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! જીં ઓઈલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૫૩ થી રૂ.૬૬૧ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો

**૧) મારૂતી ઉધોગ ( ૫૯૪૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૦૦૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૯૧૧ થી રૂ.૫૮૮૧ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૦૩૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) લાર્સન ( ૧૪૮૦ ) :- રૂ.૧૫૦૫ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૪૬૪ થી રૂ.૧૪૫૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૫૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ઇન્ફોસિસ ( ૧૦૨૨ ) :- ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૪૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ. ૧૦૦૯ થી રૂ.૯૯૬ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) કોટક બેન્ક ( ૮૧૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૩૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૦૩ થી રૂ.૭૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે.ટ્રેડીગલક્ષી રૂ.૮૪૮ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) વિપ્રો લિમિટેડ ( ૪૯૩ ) :- રૂ.૫૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૮૪ થી રૂ. ૪૭૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# સાણંદ ખાતે શ્રીમદ્ ભાગવત કથા અને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું સમાપન

ડીસા

સમગ્ર ગુજરાતમાં શ્રીમદ્ ભાગવત કથાના માધ્યમથી લોકોને સદ્‌માર્ગે વાળવાનું સર્વોત્તમ કાર્ય કરતા શંકરતીર્થ આશ્રમના પૂજય આનંદમૂર્તિજી મહારાજના વ્યાસાસને તા.૧૮/૨/૨૦૧૭ થી તા.૨૫/૨/૨૦૧૭ સુધી શ્રીમદ્ ભાગવત કથાનું દિવ્ય આયોજન કરાયું હતું. શંકર તીર્થ આશ્રમ સાણંદ ખાતે યોજાયેલ આ કથામાં મુખ્ય યજમાન તરીકે દિલીપસિંહ હિંમતસિંહ વાઘેલા પરિવાર, યજ્ઞના મુખ્ય યજમાન તરીકે માવુભા નવલસિંહ વાઘેલા પરિવાર તેમજ સ્મૃતિ મંદિર શિખર પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન તરીકે દિનેશભાઈ બુધાજી ઠાકોર પરિવારે લાભ લીધો હતો. દિપ પ્રાગટય વિધિ પ્રતાપભાઈ ત્રિવેદી અને જાણીતા ભામાશા ઘેલુભા ઉદેસિંહ વાઘેલા દ્વારા કરાઈ હતી. લક્ષ્મણસિંહજી વાઘેલા, જયંતિભાઈ ઓઢાવાળા (ડીસા), બાબુભાઈ પટેલ, નારૂભા રાઠોડ, રાજુભાઈ રાણા, રાજપૂત મિલકત ટ્રસ્ટ અંબાજી, મુકેશભાઈ ચૌહાણ સહિતનાં પરિવારોએ દૈનિક યજમાનો તરીકે લાભ લીધો હતો. હજારો દાતાઓએ નાનો મોટો સહયોગ આપી આ કથામાં પૂર્ણ સહકાર આપ્યો હતો. જાણીતા સાહિત્યકાર કનુભાઈ આચાર્ય દ્વારા સંપાદિત થયેલ. 'જયોત સે જયોત જગાઓ' સ્મૃતિ વિશેષાંકનું પણ વિમોચન પૂજય આનંદમૂર્તિજી મહારાજના વરદહસ્તે કરાયું હતું. આ દિવ્ય અવસરે ખૂબ મોટી સંખ્યામાં રાજકીય તેમજ જાહેર જીવનના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકારના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ, વિરોધ પક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા, ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ ભરતસિંહજી સોલંકી સહિત અનેક અગ્રણીઓએ શુભકામનાઓ પાઠવી હતી.

પૂર્વ કેબિનેટ મંત્રી આઈ.કે.જાડેજા, પૂર્વ ધારાસભ્ય સી.જે.ચાવડા, સિધ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત, પૂર્વ વિપક્ષ નેતા અર્જુનભાઈ મોઢવાડીયા, ગૌસેવા આયોગ ગુજરાતના અધ્યક્ષ વલ્લભભાઈ કથીરીયા સહિત અનેક મહાનુભાવોએ પોતાનાં પ્રવચનો થકી સમગ્ર અવસરને શુભકામનાઓ પાઠવી હતી

અનુસંધાન પાના નં.૬

## ભીલડી આર્ટ્સ કોલેજમાં શાંતિમય માહોલમાં ઈન્ટરનલ પરીક્ષાનો પ્રારંભ



જમીલ મેમણ

(પ્રતિનિધિ) ભીલડી

ભીલડી બી.એમ. મહેશ્વરી આર્ટ્સ કોલેજમાં ઈન્ટરનલ પરીક્ષાનો પ્રારંભ શાંતિમય માહોલમાં થયો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ સેમીસ્ટર ૨થી ૬ના વિદ્યાર્થીઓ પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં આપી હતી.

જેમાં શાળાના પ્રિન્સીપાલ ડૉ.સુમિતાબેન ખત્રીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ શાંતિમય માહોલમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો પરીક્ષા આપી રહ્યા છે.

## વડગામ તાલુકાની વરસડા પ્રા.શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાની વરસડા પ્રા.શાળાનો શૈક્ષણિક પ્રવાસ દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૯/૨/૨૦૧૭ થી તા.૨૧/૨/૨૦૧૭ દરમિયાન મુશી ગણેશભાઈ બાવળેચાના નેતૃત્વ હેઠળ શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં શાળાના ૬૫ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ સાથે રહી વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન આપ્યું હતું. આ વર્ષે આ શાળાના બાળકોએ નવા રણુંજા, બેટ દ્વારકા, દ્વારકા, કોયલા ડુંગર, ખોડલા ધામ કાગવડ, પોરબંદર અને વિરપુર જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ બેટ દ્વારકામાં હોડીમાં બેસવાનો આહ્લાદક અનુભવ માણી ધન્યતા અનુભવી હતી. તેની સાથે સાથે દ્વારકામાં ભગવાન શ્રી કૃષ્ણની નગરીમાં ગોમતી ઘાટ અને દરિયાના દર્શનનો લ્હાવો લીધો હતો. કોયલા ડુંગર પર બિરાજમાન હરસિધ્ધ માતાજી તથા કાગવડ ખોડિયાર માતાના દર્શનનો પણ અનેરો આનંદ લીધો હતો. પોરબંદરમાં ગાંધી બાપુની જન્મભૂમિ તથા તેમનું સંગ્રહાલય જોઈ વિદ્યાર્થીઓએ ધન્યતા અનુભવી હતી. છેલ્લે વિરપુર જલારામ બાપાના દર્શન કરી પરત ફર્યા હતા.

## થરાના શ્રી વિનય વિદ્યામંદિર ખાતે શુભેચ્છા સમારોહ યોજાશે

તાલુકા પ્રતિ. થરા

શ્રી કાંકરેજ આંજણા કેળવણી મંડળ- થરા અને બનાસ સરહદી બાળ અને મહિલા વિકાસ મંડળ- થરા સંચાલિત શ્રી વિનય વિદ્યામંદિર-થરા, શ્રી વી.આર.પટેલ આર્ટસ એન્ડ બી.સી.એ. કોલેજના ધો-૧૦ એસ.એસ.સી., ધો.૧૨- એચ.એસ.સી. (સામાન્ય- વિજ્ઞાન પ્રવાહ) ટી.વાય.બી.એ. અને ટી.વાય.બી.સી.એ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ તા. ૪/૩/૨૦૧૭ ને શનિવારે સવારે ૯-૦૦ કલાકે ઝાઝાવડા વાળીનાથ મહાદેવ તીર્થ- થરાના મહંતશ્રી ઘનશ્યામપુરીજી ગુરુ શિવપુરીજી બાપુના આશિર્વાદ સાથે માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે.

# સોયલા સિગોતર માતાના મંદિરે શ્રદ્ધાળુઓની ભીડ



જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

ભીલડી નજીક આવેલા સોયલા ગામે આસ્થાનું કેન્દ્ર સિગોતર માતાજીના મંદિરે દર મહિનાની અજવાળી બીજના રોજ હજ્જરોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે. શ્રધ્ધાળુઓ માટે ભોજન- પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે.

માતાજીની કૃપાથી ભાવિકોની મનોકામના પૂર્ણ થાય છે. તેથી આ મંદિરે લઘુમતિ સમાજના લોકો પણ દર્શન કરવા આવે છે. ભૂવાજી નાગજીભાઈ રાવલે જણાવ્યું હતું કે માતાજીની શ્રધ્ધાથી દર બીજના દિવસે અલગ અલગ દાતાઓ દ્વારા ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે. માતાજીમાં શ્રધ્ધા રાખે છે તેની મનોકામના પૂર્ણ થાય છે. માતાજીના મંદિરે વર્ષોથી અખંડ જયોત પ્રગટી રહેલ છે. દર એકા-ંતરા વર્ષે માતાજીની રમેલ રાખવામાં આવે છે અને વિશાળ સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનનો લાભ લે છે. આમ દિન- પ્રતિદિન સોયલા સિગોતર માતાજીના મંદિરે શ્રધ્ધાળુઓમાં વધારો જોવા મળે છે. ભીલડીના શ્રધ્ધાળુઓ પગપાળા જઈ માતાજીના દર્શન કરે છે. આમ ભીલડી નજીક આવેલ સોયલા ગામ સિગોતર માતાના નામે ઓળખાય છે.

# સામઢીમાં હરસિધ્ધ માતાનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે હરસિધ્ધ માતાજીના મંદિરે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેના પ્રારંભે વિશાળ શોભાયાત્રા ગામમાં ફરી હતી. બાદમાં સિધ્ધપુરના આચાર્ય અલ્પેશભાઈ મહારાજના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે હવન બાદ માતાજીની મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા કરાઈ હતી. ત્યારે માતાજીના જયજયકારથી ગામ ગુંજી ઉઠ્યું હતું. જે પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, જિલ્લા પંચાયત સદસ્ય સંજયભાઈ દેસાઈ, ગોપાલક નિગમના પૂર્વ ચેરમેન સંજયભાઈ દેસાઈ સહિત આગેવાનોએ હાજર રહી પ્રસંગની શોભા વધારી હતી. ભોજનના દાતા દોલસિંગ દરબારનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રસંગને સફળ બનાવવા વેરસીભાઈ ખટાણા (માજી સરપંચ), રાજાભાઈ જમાદાર, નાગજીભાઈ આલ સહિત યુવાનોએ જહેમત ઉઠાવી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે મોહનભાઈ માલધારીએ પધારેલ મહેમાનો અને ભાવિકોનો આભાર માન્યો હતો. પ્રસંગને લઈ ગામમાં ધાર્મિકતાનો માહોલ છવાયો હતો.

## નાવિસણા મોટા દરબાર ગઢના અગ્રણીઓએ જશોદાબેનની મુલાકાત લીધી



પુષ્કર ગોસ્વામી

(તા.પ્રતિનિધિ) વડગામ

નવાબી શાસનમાં હિન્દુ- મુસ્લીમની એકતાના પ્રતિક સમા વડગામના નાવિસણાની ઐતિહાસિક વિરાસત મોટા દરબારગઢના યુવાન રીયાજખાન લોહાણી તાજેતરમાં પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના વરવાડા મુકામે અગ્રણી ઈરફાનભાઈ મોગલના લગ્ન પ્રસંગના શુભેચ્છા સમારંભના અતિથી તરીકે બિરાજયા હતા. જયાં ભારતના હૃદય સમ્રાટ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ધર્મપત્નિ જશોદાબેન મોદી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે વડગામ વિસ્તારના યુવા સામાજીક કાર્યકર તરીકે રીયાજખાન લોહાણી તથા જહાંગીરખાન લોહાણી (નાવિસણા) ઈમ્તીયાજખાન પઠાણ (વેસા)એ ન.મો.ના ધર્મપત્નિ જશોદાબેન મોદી જોડે શુભેચ્છા મુલાકાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જશોદાબેન મોદીએ રજોસણા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે અગાઉ ફરજ બજાવેલ છે.

## થરા કોલેજમાં ગીતસ્પર્ધા યોજાઈ

પ્રતિનિધિ થરા

શ્રીમતી કે.કે.શાહ આર્ટસ અને શ્રીમતી એલ.બી. ગુંજારિયા કોમર્સ કોલેજ થરાના ઉપક્રમે તા. ૧૭/૨/૨૦૧૭ ના રોજ સપ્તધારા અંતર્ગત ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સમગ્ર સ્ટાફ તથા પ્રિ.સુરેશભાઈ ઠક્કર તથા મંડળના સદસ્ય ધીરુભાઈ શાહ હાજર રહ્યા તેમજ નિર્ણાયક તરીકે પ્રા.નયનાબેન ઠક્કર, પ્રા.સુલભાબેન પંડ્યા તથા પ્રા.મોનિકાબેન શાહ ઉપસ્થિત રહ્યા. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર તરીકે પ્રા.વર્ષાબેન ઠક્કરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું.

# શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળામાં વાલી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ડીસા

ડીસા શહેરમાં આવેલી શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળા ખાતે તારીખ- ૨૮/૦૨/૨૦૧૭ ને મંગળવારના રોજ વાલી સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં અધ્યક્ષ તરીકેની ભૂમિકા મા. શાળાના આચાર્ય જે.કે.પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ મા સરસ્વતીની વંદના કરી દિપ પ્રાગટ્ય વિધિ કરવામાં આવી હતી. શાળાના શિક્ષક કાકરેચી ભરતભાઈએ પધારેલ વાલીગણનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદીએ અધ્યક્ષનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી શાળામાં ચાલતી વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓથી વાલીઓને વાકેફ કર્યા હતા. તેમજ વાલીગણ તરફથી કેટલાક સૂચનો અને પ્રશ્નો કરવામાં આવ્યા હતા. જેમાં આચાર્ય કિશોરભાઈ ત્રિવેદીએ સંતોષકારક જવાબો આપી શિક્ષકોને મૂંઝવતા પ્રશ્નો વાલીગણ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. અધ્યક્ષ જે.કે.પરમાર દ્વારા શિક્ષણમાં વૈવિધ્યતા આવે તેમજ વાલીઓ બાળકો પ્રત્યે જાગૃત થાય તેવું સરસ ઉદ્દબોધન કર્યું હતું. ત્યારબાદ અનિલભાઈ પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીનલબેન ત્રિવેદીએ કર્યું હતું.

# વડગામ ખાતે સ્વ.સાંસદને શ્રધ્ધાસુમન



પુષ્કર ગોસ્વામી

**પ્રદેશ કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા**

(તા.પ્રતિનિધિ) વડગામ

બનાસકાંઠા તા.પૂર્વ સાંસદ સ્વ.મુકેશદાનજી ગઢવીની ચોથી પુણ્યતિથિએ વડગામ ખાતે ગત બુધવારે શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ અગ્રણી અશ્વિનભાઈ ડી. પરમાર, જિ.પં. ડેલિગેટ રવિરાજભાઈ ગઢવી, જિ.પં. ડેલિગેટ બાલકૃષ્ણભાઈ જીરાલા, તા.પં. પૂર્વ પ્રમુખ અબ્દુલભાઈ પલાસરા, હરેશભાઈ વ્યાસ, રીયાજખાન લોહાણી, રતનસિંહ રાજપૂત, કાન્તીભાઈ શ્રીમાળી, શાન્તીભાઈ રાવળ, હીરાભાઈ રાઠોડ, નીરવભાઈ પરમાર, ચેતનભાઈ મોદી સહિત તાલુકાના તમામ ગામોના કોંગ્રેસના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન વડગામ તાલુકા કોંગ્રેસના યુવા અગ્રણીઓએ કર્યું હતું.

## રૈયા કન્યા કેળવણી સંકુલ ખાતે વાર્ષિકોત્સવ-શુભેચ્છા સમારોહ યોજાશે

તાલુકા પ્રતિ. થરા

રૈયા કન્યા કેળવણી સંકુલ ખાતે અભ્યાસ કરતી ધો-૧૦ અને ધો-૧૨ (સામાન્ય- વિજ્ઞાન પ્રવાહ) ની પ્રથમ બેન્ચની છાત્રાઓને શુભકામના પાઠવવા વાર્ષિકોત્સવ- શુભેચ્છા સમારોહ તા. ૫/૩/૨૦૧૭ ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ વાગે બનાસકાંઠા જિલ્લાના સહકારી અગ્રણી અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે. બેટી બચાવો, બેટી ભણાવોનું સૂત્ર સાચા અર્થમાં સાર્થક કરવા અણદાભાઈ પટેલે કાંકરેજી હિન્દવાણી- ડીસાવળ અને ચોવીસી ગોળ પરગણા ચૌધરી સમાજના સહયોગથી ''અર્બુદા કેળવણી રથ'' થકી વિશાળ ભંડોળ એકઠું કરી અદ્યતન સુવિધા સાથેનું કન્યા કેળવણી સંકુલ ઉભુ કરેલ. જેની ફળશ્રુતિરૂપે ધો-૧૦ અને ધો-૧૨ ની પ્રથમ બેન્ચની કન્યાઓને વિદાય દિક્ષાંતરૂપે શુભેચ્છા પાઠવવામાં આવશે.

# રાજપુર પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



જમીલ મેમણ

(પ્રતિ.) રાજપુર

રાજપુર પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોને વિવિધ જાણકારી મળી રહે તે માટે તથા પ્રત્યક્ષ અનુભવ મેળવવા માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં ભણતા ૧૨૫ બાળકોએ તથા ૬ શિક્ષકોએ બે એસ.ટી. બસમાં પ્રવાસ કરેલ. જેમાં સુપ્રસિધ્ધ બનાસડેરીના પ્લાન્ટનું નિદર્શન કરેલ. જેમાં દૂધમાંથી બનતી વિવિધ પ્રોડકટ્સ ચીઝની બનાવટ, વિવિધ ફલેવરની આઈસ્ક્રીમ મિલ્ક પાઉડર, મિલ્ક સ્ટોરેજ વગેરેનું નિદર્શન કરેલ. બનાસડેરી દ્વારા તમામ બાળકોને આઈસ્ક્રીમ ખવડાવવામાં આવેલ. આ ઉપરાંત મગરવાડા યાત્રાધામમાં દર્શન કર્યા વિજાપુર નજીક ઋષિવન - તિરૂપતિમાં જઈ વિવિધ એડવેન્ચર્સ કરેલ. બાળકોએ વિવિધ રાઈડ્સનો આનંદ માણ્યો હતો. છેલ્લે ઉંઝા ઉમિયા માતાજીના મંદિરમાં દર્શન કરી સ્વગૃહે પરત ફર્યા હતા. આ પ્રવાસને સફળ બનાવવા માટે વાલીઓ તથા શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## હેમ.ઉ.ગુ.યુનિ.બી.એ.સેમીસ્ટર-૩ નું પરિણામ ૪૪.૨૧ ટકા જાહેર

તા.પ્રતિનિધિ થરા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - પાટણ દ્વારા ગત ઓક્ટો- ડીસે.૨૦૧૬ માં લેવાયેલ બી.એ. સેમીસ્ટર-૩ ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં જાણવા મળતી માહિતીનુસાર છવ્વીસ હજાર આઠસોથી વધુ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. તેમાંથી ૪૪.૨૧ ટકા પરીક્ષાર્થીઓ સફળ થયા છે.

## તંત્રી સ્થાનેથી ...

**સતત મહેનત કર્યા વિના કોઈપણ ફળ મેળવી શકાતું નથી.**

# ચૂંટણી ખર્ચ પર અંકૂશ રાખવા ચૂંટણી પંચની ચીમકી

ચૂંટણી લોકસભાની હોય કે વિધાનસભાની, તેમાં પ્રજાના પ્રતિનિધિઓ મતદારોને રિઝવવા અનેક પ્રકારની લાલચો આપે છે. આમાં સચોટ વાયદા કરવામાં આવતા હોતા નથી પરંતુ દેખાવ એ રીતનો કરવામાં આવતો હોય છે કે જાણે મતદારોને ફાયદો જ થઈ જશે. પરંતુ ચૂંટણી બાદ પ્રજામાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ દિવો લઈને શોધતા દેખાતા હોતા નથી. તેની પાછળ પણ રાજકારણ રહેલું હોય છે, પરંતુ દિવસે દિવસે હવે મતદારોમાં સારુ એવુ પરિવર્તન નજરે પડી રહ્યું છે. પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે અનેક નવી નવી વાતો જોવા મળે છે, કેમ કે ચૂંટણી પંચે વધુ ખર્ચ કરવાની ના પાડી હોવાથી ઉમેદવારો અમુક જ વિસ્તારોમાં હરી - ફરી શકે છે. ચૂંટણી ખર્ચમાં કંટ્રોલ રાખવાની આદત પહેલાના ઉમેદવારોને જાળવી પરંતુ હવે નવી નીતિ અનુસાર માત્ર પ્રાથમિક જરૂરિયાતો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

વર્તમાન સંજોગોમાં મતદારોનો ઉત્સાહ ઘટી રહ્યો છે. હાલમાં મતદાતા અગાઉ જેવા મુરખ નથી. તેમજ ચૂંટણી પ્રચારના કાર્યક્રમોમાં અનેક પ્રકારની વણઝાર જોવા મળે છે.

જ્યારે હાલના સંજોગોમાં ચૂંટણી સર્વેક્ષણ એજન્સીઓ તો એક પક્ષને હાથમાં લઈ તેનો વિજય દર્શાવે છે. ભૂતકાળમાં સર્વે ઉપર સૌ કોઈને ભરોસો હતો. પરંતુ આજે સર્વેક્ષણ ઉપર જોઈએ તેવો કોઈને ટ્રસ્ટ રહ્યો નથી. અગાઉ ચૂંટણીમાં વીજળી, પાણી, સડક જેવા મુદ્દા પર ચૂંટણી લડાતી હતી. લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવતી હતી. પણ ૧૩૦ કરોડની વસતી ધરાવતા દેશની વિકસીત થતી અર્થવ્યવસ્થામાં આવી બાબતોને જોડવી યોગ્ય ન જ કહેવાય.

જો કે હવે એવું જણાય છે કે ચૂંટણી મેનેજરો, એજન્સીઓ ચૂંટણી પ્રચારના ભાગ જ બની ગયા છે. પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનો આકાર જુઓ તો કુલ બે તૃતિયાંશ મતદાન પૂર્ણ થઈ ગયં છે. પરંતુ કોઈ પણ પ્રકારનું લક્ષ કે અનુમાન સાચું દેખાતું નથી. કોઈ પણ પક્ષનું અનુમાન પણ કરી શકાય તેવી સ્થિતિ જણાતી નથી.

છેલ્લા બે દાયકામાં વિજળી, પાણી- સડક જેવા મુદ્દાઓ ખૂબ જ ચગાવાયા પરંતુ હાલમાં પરિસ્થિતિ યથાવત જ બની રહેવા પામી છે. અને હાલમાં ચૂંટણીઓમાં રોજગાર, સાફસફાઈ, મેટ્રો, ફ્લાય ઓવર વગેરે મુદ્દા જોડાયા છે. વિદ્યાર્થીઓને લેપટોપ, સહિત અનેક સગવડો આપવાની વાતો થાય છે. પ્રજાલક્ષી આ કોઈપણ કામ પૈસા વિના શક્ય જ નથી. માત્ર મોટી મોટી વાતો કરવી તે હવામાં પત્થર ચગાવવની વાતો જ કહી શકાય.

લોકતંત્રને સુદ્રઢ બનાવવા માટે રાજકારણીઓમાં ખાસ કરીને નીતિ વિષયક ઈમાનદારી હોવી જરૂરી છે. ખેડૂતોના પ્રશ્નો ઉકેલવાની વાતો તમામ પક્ષો દ્વારા થાય છે. નાની મોટી ભેટો આપવાની લાલચ પણ કોઈ પક્ષે છોડી નથી.

આશ્ચર્યની વાત તો એ છે કે આ વખતની ચૂંટણીમાં એક પણ રાજકીય પક્ષે ઉત્પાદકતા માટે રોજગારની વાત કરી નથી. આટલા મોટા વિશાળ દેશમાં જરૂરી છે કે આર્થિક તંત્રની પ્રગતિ અને વિકાસ થાય. પરંતુ તેમની તિજોરીમાં નાણાં આવે તો જ થાય. જો કે ચૂંટણી ખર્ચ પણ અંકુશ રાખવા ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રિય પક્ષોને બરાબરની ચિમકી આપી છે.

# અદિતિ રાવ હૈદરી મનીરત્નમની સાથે કામ કરશે

મુંબઈ

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રીઅદિતી રાવ હૈદરી હવે વધુ એક મોટી ફિલ્મમાં કામ કરવા જઇ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અદિતી રાવ હવે મણીરત્નમની ફિલ્મમાં કામ કરવા જઇ રહી છે. મણીરત્નમની ફિલ્મ કત્રુ વેલિઇદાઇ ફિલ્મમાં કામ કરવા જઇ રહી છે. અદિતીએ માહિતી આપતા કહ્યુ છે કે તેનુ વર્ષોનુ સપનુ હવે પૂર્ણ થઇ રહ્યુ છે. મણિરત્નમની ફિલ્મ બોમ્બે નિહાળ્યા બાદ તે ભારે પ્રભાવિત થઇ હતી. મનિષા કોઇરાલાને લઇને પણ ભારે પ્રભાવિત થઇ હતી. એજ વખતે તેને વિચારી લીધુ હતુ કે એક દિવસ મણિરત્નમની સાથે કામ કરવાની ઇચ્છા છે. આખરે તેની ઇચ્છા પૂર્ણ થઇ રહી છે. હવે તે ફિલ્મમાં કામ કરવા જઇ રહી છે. કત્રિ એક રોમેન્ટિક ફિલ્મ છે. ફિલ્મમાં કારથીની પણ ભૂમિકા રહેશે. આ ફિલ્મ માર્ચ મહિનામાં જ રજૂ કરવાની યોજના છે. બોક્સ ઓફિસ પર જોરદાર સફળતા હાંસલ કરનાર બોમ્બે ફિલ્મ વર્ષ ૧૯૯૫માં રજૂ કરવામાં આવી હતી. જે એક મુસ્લિમ મહિલાની પટકથા હતી. મુસ્લિમ મહિલાની ભૂમિકા મનીશા કોઇરાલા દ્વારા અદા કરવામાં આવી હતી. જે હિન્દુ પુરૂષના પ્રેમમાં પડે છે. હિન્દુ પુરૂષના રોલમાં અરવિન્દ સ્વામીની ભૂમિકા રહી હતી. હાલમાં અદિતી રાવ સંજય લીલાની ફિલ્મ પદ્માવતિમાં પણ કામ કરી રહી છે. જેમાં તેના સાથે રણવીર સિંહ હવે દિપિકાની મુખ્ય ભૂમિકા રહેલી છે. અદિતી હાલમાં ફરી એકવાર આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી ચુકી છે. તે પદ્માવતિ ફિલ્મમાં યાદગાર રોલમાં નજરે પડનાર છે. અદિતી રાવે કહ્યુ છેકે તે ફેશનને લઇને હમેંશા સજાગ રહે છે.

## આત્મચિંતન

## જીવનયાત્રાનો મહાન માર્ગ

કર્મઠતા, નિરંતર ગતિશીલતા, આગળ વધવાની પ્રવૃત્તિઓમાં પણ અવરોધો, સામેથી થતા હુમલા વગેરેનું આવવું સ્વાભાવિક છે.આ જ વિશ્વનું સંઘર્ષમય અસ્તિત્ત્વ છે. વિશ્વનું કોઈ તત્વ કે પદાર્થ એવો નથી કે જ્યાં વિરોધ,સંઘર્ષકે હુમલાઓનો સામનોન કરવો પડ્યો હોય. નદીએ પોતાની નિરંતરતા,ગતિશીલતાને જાળવી રાખવા માટે કેટલાય પહાડો, ખીણો તથા મેદાનોમાં થઈને પસાર થવું પડે છે.અને અવરોધોનો સામનોકરવો પડે છે. બીજને વૃક્ષ બનવા માટે પૃથ્વીના કઠણ પડનો સામનો કરી તોડવું પઢે છે. પોતાના વિકાસવાના ક્રમમાં કેટલાય અવરોધો સહન કરવા પડે છે. બરાબર એવી જ રીતે જીવનની ગતિશીલતા તથા કર્મશીલતામાં પતિરોધોનો સામનો કરવો જ પડે છે તેના વિના શક્તિ અને સ્કૂર્તિ પેદા થતી જ નથી.

મનુષ્યત્વના માર્ગના પ્રવાસીઓએ, આત્મલક્ષ્યના જિજ્ઞાસુઓએ જીવનયાત્રાના યાત્રિકોએ પોતાની ગતિશીલતા અને કર્મશીલતા જાળવી રાખવા માટે સામેથી થતા હુમલાઓ કષ્ટો તથા વિરોધોનો સામનો કરતા રહીને આગળ વધવું જરૂરી છે. પોતાના પુરૂષાર્થ, અખંડ પરિક્ષમ તથા કર્મની ગતિને રોકવા ન જોઈએ પરંતુ પોતાની જીવન નૌકાને આ હલેસાઓ વડે સુખ દુઃખના ઉંચા મોજાઓ ઉપર થઈને આગળ લઈ જવી જોઈએ.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# સફળ થવા માટે આત્મવિશ્વાસ જરૂરી

વાત સાચી હતી. સાચો મિત્ર તેને જ કહેવાય જે સુખ અને દુઃખ બન્નેમાં સાથ આપે. તેણે આ શ્લોક વાંચ્યો અને બોલ્યો કે આ પ્રાણી આપણું મિત્ર છે. ચારેય બ્રાહ્મણોએ આ ગધેડાની પાસે જઈને તેને હાથ ફેરવ્યા અને પોતાની સાથે લઇ જવાનું નક્કી કર્યું

એક નગરમા ચાર બ્રાહ્મણ રહતા હતા. આ ચારેય બ્રાહ્મણોને અભ્યાસ કરવા માટે બહાર ગામ જવાનો વિચાર કર્યો. એક દિવસ આ ચારેય બ્રાહ્મણો અભ્યાસ માટે કન્નોજ નગરમા જવા નીકળ્યા હતા. ત્યાં જઇને તે એક પાઠશાળામા ભણવા લાગ્યા હતા. આ પાઠશાળામા ૧૨ વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી તેમને લાગ્યુ કે અમારે હવે આગળ ભણવાની જરૃર નથી. અમે વિદ્વાન બની ગયા છીએ. હવે આપણે ગુરુની આજ્ઞા લઇને આપણા નગરમા પાછા જવુ જોઇએ. ત્યાર પછી તે ગુરુજી પાસે ગયા અને પોતાના નગરમા પાછા જવાની આજ્ઞા લઇને પોતાના અભ્યાસના પુસ્તકો લઇને તે પાછા નગર જવા માટે નીકળ્યા. તે ચાલતા ચાલતા પોતાના નગરમા જતા હતા ત્યાં રસ્તામા બે રસ્તા પડયા આ બે રસ્તામાંથી પોતાના નગરમા જવાનો કયો રસ્તો છે તેની સમજ ના પડી. તેમની અક્કલ કામમાં ના આવી તે વિચાર કરવા લાગ્યા આપણે કયા રસ્તા પર જઇએ. તેમાંથી એક બ્રાહ્મણ પોથી કાઢીને બેઠો અને જોવા લાગ્યા આ બાબતે પોથીમા શુ લખ્યુ છે. એ સમયે ત્યાં બાજુના નગરમા એક વેપારી મૃત્યુ પામ્યો હોવાથી કેટલાય લોકો તેને સ્મશાને લઇ જવા માટે નદી કિનારે જતા હતા. આ સમયે બીજા બ્રાહ્મણે પોથીમાં પોતાના પ્રશ્નનો જવાબ શોધતા તેણે વાંચ્યુ કે મહાજનો યેન ગતઃ પન્થા. ચારેયમાંથી કોઇએ પણ ના વિચાર્યુ કે આ મહાજન શબ્દનો અર્થ શો છે. કયા માર્ગની વાત કરી રહ્યા છે. શ્રેણી કે કારવો બનાવીને નીકળનાર માટે વૈશ્યો માટે મહાજન શબ્દ પ્રયોગ કરવામા આવતો હતો. મહાન વ્યકિતઓ માટે પણ મહાજન શબ્દ વપરાય છે. તેમણે પોતાના મગજથી સહેજ પણ વિચારવાની કોશિશ ના કરી. તે પંડિત બોલ્યો મહાજન લોકો જે રસ્તે જાય છે તમે પણ તેમની પાછળ ચાલતા થાવ. ત્યાર પછી ચારેય સ્મશાન જતા રસ્તા તરફ ચાલવા લાગ્યા હતા.

સ્મશાન પહોંચ્યા ત્યારે ત્યાં એક ગધેડાને તેમણે જોયો. એકાંતમા રહીને અભ્યાસ કરતા હોવાથી તેમણે બીજા કોઇ પ્રાણીઓને જોયા ન હતા. એક બોલ્યો કે જુઓ આ પ્રાણી કોણ હશે. ત્યારે બીજાએ પોથી કાઢીને શોધવાનુ શરૃ કર્યું. પોથીમા આ પ્રશ્નનુ પણ સમાધાન તેમને મળી ગયુ. પોથીમા લખ્યુ હતુ કે ઉત્સવે વ્યસને પ્રાપ્તે દુભક્ષે શત્રુસંકટે. રાજદ્વારે સ્મશાને ચ યઃતિષ્ઠતિ બાંધવઃ વાત સાચી હતી સાચો મિત્ર તેને જ કહેવાય જે સુખ અને દુઃખ બંનેમા સાથ આપે. તેણે આ શ્લોક વાંચ્યો અને બોલ્યો કે આ પ્રાણી આપણુ મિત્ર છે. ચારેય બ્રાહ્મણોએ આ ગધેડાની પાસે જઈને તેને હાથ ફેરવ્યા અને પોતાની સાથે લઇ જવાનુ નક્કી કર્યુ. આ બધુ ચાલી જ રહ્યુ હતુ ત્યારે એક બ્રાહ્મણની નજર ઊંટ પર પડી. તેમના માટે તે નવાઇની વાત બની ગઈ. તે સમજી શકતા ન હતા કે આટલી ઝડપથી ચાલતુ આ કયુ પ્રાણી છે. આ સમયે ત્રીજા બ્રાહ્મણે પોથી કાઢી અને શોધવા લાગ્યો. ત્યારે તેને વાંચ્યુ કે ધર્મસ્ય ત્વરિત ગતિઃધર્મની ગતિ તેજ હોય છે. હવે તેઓ ધર્મ કોને કહેવામા છે તે સમજી ગયા હતા. ત્યારે ચોથાને એક સ્મરણ કરેલ વાક્ય યાદ આવ્યુ ઈષ્ટ ધર્મેણ યોજયેત. એટલે પ્રિયને ધર્મ સાથે જોડવુ જોઇએ. હવે ચારેય બ્રાહ્મણોએ ભેગા થઇને ઉંટના ગળામા ગધેડાને બાંધી દીધુ. આ જોઇને એક માણસે જઇને ગધેડાના માલિકને કહ્યુ કે ગધેડાને ઊંટ સાથે બાંધવામા આવ્યુ છે. ધોબીના હાથમા લાકડી જોઇને તે ચારેય ત્યાંથી ભાગવા લાગ્યા ત્યારે રસ્તામા નદી આવી.

હવે પ્રશ્ન એ હતો કે નદી કેવી રીતે પાર કરવી. તે વિચાર વિર્મશ કરતા હતા ત્યારે એક પાન તરતુ આવતુ હતુ. પાન જોઇને તેમણે જે પાન વિશે અભ્યાસ કર્યો હતો તે યાદ આવ્યુ. આવનાર પાન તમને પાર કરાવશે. હવે પુસ્તકની વાત ખોટી ના હોય. એક બ્રાહ્મણે કંઇ જ વિચાર કર્યા વિના પાન પર તરાપ મારી તેને તરતા આવડતુ ન હતુ. તે ડૂબવા લાગ્યો હતો ત્યારે તેને ચોટલી પકડીને બચાવાની કોશિશ કરી પરંતુ તે બચી ના શકયો. હવે માત્ર ત્રણ બ્રાહ્મણ રહ્યા હતા. આ વાતની જાણ જયારે ગામના લોકોને થઇ ત્યારે તેમણે બ્રાહ્મણોને પોતાના ઘેર બોલાવીને ભોજન કરાવ્યુ હતુ. ત્યાર પછી તેમણે પોતાના નગરનો માર્ગ ગામ લોકો પાસે જાણી લીધો અને પોતાના નગરમા પાછા ચાલ્યા ગયા.

# પ્લેટીનમ દ્વારા વુમનહુડના સ્પીરીટની ઉજવણી

સ્ત્રીઓ સમાજની ખરી આર્કિટ-ેક છે. ઈન્ટરનેશનલ વુમન્સ ડે નિમીતે પ્લેટીનમ દ્વારા તેમની નિપુણતા , પ્રેમ, યોગદાન અને વિવિધ કામો કરી શકવાની શકિતને બિરદાવવા ઉજવણી કરે છે. આજના યુગમાં સ્ત્રીઓએ દરેક ક્ષેત્રે પોતાનો ડંકો વગાડયો છે એ પછી સાયન્સ હોય કે સ્પોર્ટસ. તે બદલાવનો અવાજ છે અને નવી જનરેશન માટે પ્રેરણા છે.



વુમન ડેની ઉજવણી શુદ્ધ પ્લેટીનમ જ્વેલરી સાથે વધુ આનંદદાયક બને છે. ડાયમન્ડ જડીત ડેન્ગલીગ ઈયરીગ્સ કન્ટેમ્પરી અને કલાસીકનુ મિશ્રણ છે. અથવા ચંન્દ્રની પ્રતિમાવાળુ પેન્ડટ પણ મેચીગ ઈયરીગ્સ સાથે છે. આ શ્રેણી મહિલાઓને ખાસ અનુભુતિ આપશે તેની ખાતરી છે.

આ શ્રેણી ૯૫% શુદ્ધ પ્લેટીનમથી બનેલ છે. જે ભારતભરમા અગ્રણી પ્લેટીનમ રીટેલર્સને ત્યા ઉપલબ્ધ છે.

પ્લેટીનમ જવેલરી ૧૫૦૦૦ રુપિયાથી શરુ થાય છે જે મેટલના સાઇઝ અને વેટ પર તથા તેમા વપરાયેલ ડાયમન્ડની સંખ્યા અને ગુણવત્તા પર આધારીત છે.

# ક્રુસેડર્સ ટેકનોલોજીસે ગુજરાતમાં પોતાની કામગીરીના પ્રારંભની ઘોષણા કરી

વિશ્વકક્ષાના એર પ્યુરિફાયર્સના અગ્રણી મેન્યુફેક્ચરર અને ડિસ્ટ્રીબ્યુટર ક્રુસેડર્સ ટેકનોલોજી ઈન્ડિયા પ્રા.લિ.એ આજે ગુ-જરાતમાં તેના પૂર્ણ કદના ઓપરેશન્સની ઘોષણા કરી છે. જેમાં તેનું રૂ. ૨૫ કરોડનું રોકાણ કરવાનું આયોજન છે. કંપની આગળ જતા એર ક્વોલિટી સોલ્યુશન્સન્સના વિકાસ માટે આયોજન કરી રહી છે જે ખાસ કરીને ગુજરાત માટે હશે અને તે ગ્રાહકોને ઈનડોર એર ક્વોલિટી મેનેજ કરવા માટે પ્રદૂષણ વધુ રહેતા સમયમાં તેનું જોખમ ઘટાડવા માટે સક્ષમ બનાવશે.

ક્રુસેડર્સની કામગીરીની ઘોષણા ગુજરાતમાં વ્યૂહાત્મક રીતે એ સુનિશ્ચિત કરવા માટે કરાઈ છે જેમાં શ્વસન સંબંધિત સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે તેનો ઉપાય કરી શકાય. મોટા શહેરોમાં જેમકે અમદાવાદ, સુરત, રાજકોટ વગેરેમાં એર ક્વોલિટી આગામી વર્ષોમાં વધુ ખરાબ થશે કેમકે શહેરીકરણ અને ઔદ્યોગિકરણથી હવામાં રજકણોનું પ્રમાણ વધશે. જેના કારણે શ્વસન સંબંધી કેટલાક રોગો જેમકે બ્રોન્કાઈટીસ, અસ્થમા વગેરેનું પ્રમાણ વધી શકે છે.

# સેપ ઈન્ડિયાએ અમદાવાદ એસએમઈ જીએસટી માટે તૈયાર રહે એ માટે 'જીએસટી ઈન અ બોક્સ'ની રજૂઆત કરી

અમદાવાદ

સેપ એસઈએ આજે તેના ઓલ ઈન્ક્લુઝિવ સોલ્યુશન પોર્ટફોલિયો 'જીએસટી ઈન અ બોક્સ'ની રજૂઆત કરી છે જે અમદાવાદના તમામ કદના ઓર્ગેનાઈઝેશન્સને જીએસટીના સમયમા ટેક્સ કમ્પ્લાયન્ટ અને ટેક્સ એફિશિયન્ટ બનાવવામાં મદદ કરશે. કંપનીએ આ સાથે શહેરમાં 'જીએસટી હેલ્થ ચેક ડ્રાઈવ'નું પણ આયોજન કર્યું છે

જેથી જીએસટીના અમલ પછી સંસ્થાઓને જીએસટીને અનુસરવાની તૈયારી કરવામાં માહિતગાર કરી શકાય અને મૂલ્યાંક્તિ કરી શકાય. સેપના પાર્ટનર વીસેન્ટ્રીક ટેકનોલોજીસના સહયોગ સાથે રોડ શો દ્વારા સ્થાનિક એન્ટરપ્રાઈઝીસને ફ્રી 'જીએસટી હેલ્થ ચેક'ની સુવિધા આપવામાં આવશે જેથી તેઓ તેમના જીએસટી કમ્પ્લાયન્સ લેવલને સમજી શકે અને એક તૈયારી માટેનું આયોજન કરી શકે.

સેપ, એક એપ્લિકેશન સર્વિસ પ્રોવાઈડર (એએસપી) જીએસટી માટેની છે જે બિઝનેસીસને ટેકનોલોજીસ એક્સપર્ટાઈઝ આપવામાં અગ્રિમ રહે છે અને ઈકોસિસ્ટમને આ બદલાવમાં ઢાળવા માટે કોશિશ કરે છે. વિવિધ કદમો દ્વારા જેમકે ઓનલાઈન રિસોર્સ સેન્ટર, ઈન્ડસ્ટ્રી ઈવેન્ટ્સ અને વેબીનાર્સ, વ્હાઈટ પેપર, ઈન્ડસ્ટ્રી વર્ક ગ્રૂપ્સ અને કન્સલ્ટીંગ નોટ્સ સાથે ૨૦૧૪થી સેપ બિઝનેસીસને જરૂરી સલાહ અને ટેકનોલોજી આપે છે જેથી જીએસટીના અમલ પછી તેને યોગ્ય રીતે સ્વીકારી શકાય.

સેપ ઈન્ડિયાના એસ-૪હાના એન્ડ જીએસટી એડપ્શન ડ્રાઈવના વડા નીરજ આઠલ્યેએ કહ્યું હતું, 'આ વર્ષે જીસટીનું અમલીકરણ થશે તેથી એ જરૂરી છે કે બિઝનેસીસ એ માટેની તૈયારી કરે અને તેમની જીએસટીનો સ્વીકાર કરવાની સફરમાં એક વિસ્તૃત માહિતીસભર રોડમેપ તૈયાર થઈ શકે.

## એવેન્યૂ સુપરમાર્ટ્સ લિમિટેડનો આઈપીઓ ૮ માર્ચ, ૨૦૧૭ના રોજ ખુલશે, પ્રાઈઝ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૯૫થી રૂ. ૨૯૯

અમદાવાદ

વેલ્યુ-રિટેલિગ પર ધ્યાન કેન્દ્રિર્ત કરતી અને ડી માર્ટ સ્ટોસર્નું સંચાલન કરતી રાષ્ટીય સ્તરની વિકસતી સુપર માર્કેટ ચેઈન એવેન્યૂ સુપર માર્કેટ લિમિટેડ ("કંપની")એ તેનો આઈપીઓ ("ઓફર") લચ ક છે. ઈશ્યૂ ૮ માર્ચ, ૨૦૧૭ના રોજ ખુલશે અને ૧૦ માર્ચ, ૨૦૧૭ના રોજ બંધ થશે, જેની ર્પાઇઝ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતી ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૯૫થી રૂ. ૨૯૯ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂ પીરિયડ ૭ માર્ચ, ૨૦૧૭ના એટલે કે બિડ/ઈશ્યૂ ઓપિનગ તારીખના એક કાયકર્રાી દિવસ અગાઉ ખુલશે.

કંપનીએ ઈશ્યૂમાંથી ર્પાપ્ત ચોખ્ખી આવકનો ઉપયોગ કંપની દ્વારા લાભ લેવામાં આવેલ એસીડીના વહેલાસર રિડેમ્પ્શન કે રિડેમ્પશન અને લોનના હિસ્સાની પૂવર્ચુકવણી કે ઈશ્યૂ પછીની ચુકવણી માટે કરવા, નવા સ્ટોસર્નાં નિમાર્ણ અને ખરીદી તથા સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

સીક્યોરિટીઝ કોર્ન્ટાક્ટક્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)(iii), જેમાં સમયેસમયે સુધારા મુજબ, ("એસસીઆરઆર")ને આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમ ૪૧ સાથે વાંચતા અને આઈસીડીઆર નિયમનના નિયમન ૨૬(૧)નું પાલન કરવાની દર્ષ્ટિએ, આ ઈશ્યૂ પોસ્ટ-ઈશ્યૂ પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો લઘુતમ ૧૦ ટકા હિસ્સા માટે છે.

**શહેરમાં ૧૦ દિવસનાં 'ફૂડ ફેસ્ટિવલ'નું આયોજન**

# નોવોટેલ અમદાવાદમાં આવો અને માણો રાજસ્થાની વાનગીઓનો ખરો સ્વાદ



અમદાવાદ

નોવોટેલ અમદાવાદ દ્વારા ઘોષણા કરાઈ છે કે તે ૩ માર્ચ, ૨૦૧૭ થી ૧૨ માર્ચ, ૨૦૧૭ સુધી ૧૦ દિવસ માટે ખાસ રાજસ્થાની ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરી રહી છે. આ ફૂડ ફેસ્ટિવલમાં સ્વાદશોખીનોને

ભારતની રાજવી ભૂમિની સ્વાદિષ્ટ સ્પેશિયાલિટીઝ માણવાની તક તેમજ લાઈવ રિજિયોનલ મ્યુઝિકનો આનંદ પણ મળશે..

સ્ક્વેર, નોવોટેલ ખાતે આવનારા મહેમાનો રાજસ્થાની મહારાજ જે રોયલ સિટી જોધપુર થી ખાસ આવેલ છે તેઓ ના દ્વારા તૈયાર કરાયેલી રાજસ્થાની ડિશીસનો આનંદ માણી શકશે. નોવોટેલ અમદાવાદના એક્ઝિક્યુટિવ શેફ રાકેશ પ્રસાદ અને તેમની નિષ્ણાત શેફની ટીમ સમર્પિત રીતે ફેસ્ટિવલનું મેન્યુ તૈયાર કરશે જે ફૂડ ફેસ્ટિવલમાં ઓથેન્ટીક રિજિયોનલ સ્વાદનો ઉમેરો કરશે અને રાજસ્થાનની સ્વાદિષ્ટ વાનગીઓ માનવંતા મહેમાનોને પીરસવામાં આવશે. આ ફેસ્ટીવલમાં રાજસ્થાની દાણા મેથી કી સબ્જી અને એવી અનેક ઉત્તમ રેસિપીઝ પણ જોવા મળે છે. બ્રેડસમાં બાજરે કી રોટી, ટિક્કડ અને મક્કે કી રોટી સામેલ હશે. આ ફેસ્ટિવલમાં અસોર્ટેડ બાટી, ચુરમા લહસુન કી ચટની સાથે સામેલ હશે જે ચાર વેરિએશન્સમાં સર્વ કરવામાં આવશે અને તેમાં સ્ટફિંગની ચોઈસ પણ જોવા મળશે.

# આલિયા ભટ્ટ સૌથી મોટી સ્પર્ધક તરીકે છે : અક્સરા

મુંબઈ

લાલી કી શાદી મે લડુ દિવાના નામની ફિલ્મને લઇને આશાવાદી બનેલી અભિનેત્રી અક્સરા હસન માને છે કે તેની સામે સૌથી મોટી સ્પર્ધક તરીકે આલિયા ભટ્ટ છે. તેનુ કહેવુ છે કે એક અભિનેત્રી તરીકે આલિયા ભટ્ટથી તે પ્રભાવિત પણ છે. સાથે સાથે તેને તે પડકારરૂપ પણ ગણે છે. અકસરાએ કહ્યુ છે કે સ્ટુડન્ટ ઓફ ધ યર નામની આલિયાની પ્રથમ ફિલ્મથી જ તે તેને ઓળખે છે. એક અભિનેત્રી તરીકે તે જે રીતે આગેકુચ કરી રહી છે તેના કારણે તે ખુબ ખુશ છે.

## અંતર્દષ્ટિ-વ્યવહારકુશળતા

મનુષ્યની ઓળખ તેના આચરણથી થાય છે. કોઈ પોતાની અચ્છાઈ-બુરાઈનું પ્રમાણપત્ર લઈને નથી ફરતું, પરંતુ તેનો વ્યવહાર જ તેના વ્યક્તિત્વનં પ્રતિબિંબ છે. શૈક્ષણિક વિશ્વવિદ્યાલયોમાં ભલે પ્રમાણપત્રોની જરૂર પડતી હોય, પરંતુ જીવનરૂપી વિશ્વવિદ્યાલયમાં વ્યવહાર જ વ્યક્તિત્વની સૌથી મોટી અભિવ્યક્તિ હોય છે. જે વ્યવહારકુશળ નથી તેને ખબર નથી હોતી કે કોની સાથે કેવો વ્યવહાર કરવો જોઇએ. તે મનુષ્ય હોવાની ન્યૂનતમ યોગ્યતા પૂરી નથી કરી શકતો. તેથી જીવનમાં વ્યવહારકુશળતા અત્યંત જરૂરી છે. વ્યવહારકુશળ થવું અસલમાં જીવન જીવવાની વિધિ છે. ઉદ્દંડ થવામાં કોઈ મહેનત નથી પડતી, પરંતુ સુશીલ, સજ્જન અને વ્યવહારકુશળ બનવું બેહદ કઠિન છે. પરંતુ આ ગુણ ગર્ભમાંથી જ ગ્રહણ નથી કરી શકાતા. જન્મ સમયે બધાની પરિસ્થિતિઓ એકસમાન હોય છે. પરંતુ ત્યારબાદ જેમના ઘરનો માહોલ સારો હોય છે, જ્યાં સારા-ખરાબનો પાઠ ભણાવવામાં આવે છે એ ઘરોનાં બાળકો મોટાભાગે સુશીલ અને અનુશાસનપ્રિય હોય છે. એવામાં કોઈપણ બાળકનું ચરિત્ર નિર્માણ તેના ઘરેલુ માહોલ અને મિત્રોની સંગત પર વધારે નિર્ભર કરે છે. વ્યવહારકુશળ થવું સફળ જીવનનો એક સુખદ માર્ગ છે. જે વ્યક્તિ વ્યવહારકુશળ થાય છે તે જીવનમાં ક્યારેય અસફળ નથી થતો. તેના જીવનમાં ડગલે ને પગલે સફળતા મળતી રહે છે. તે પોતાના વ્યવહારતી બીજાઓને પ્રભાવિત કરી લે છે.

જો કોઈને સફળ વ્યક્તિ માનતા હોય તો પણ માની લેવું જોઇએ કે તે બીજાઓ કરતાં વધારે વ્યવહારકુશળ છે. એ જ રીતે જે લોકો અસફળ છે તેમના સંબંધે માની લેવું જોઇએ કે તેઓ આચરણ અને વ્યવહારથી ઉદ્દંડ છે અથવા હીનભાવનાથી ગ્રસ્ત છે. એવા જ વ્યક્તિ માની લે છે કે તેઓ સંસારના સૌથી નકામા પ્રાણી છે. એવી જ મનોવૃત્તિ હીનભાવનાને કારણે, વ્યવહારકુશળ નહિ હોવાનું કારણ બને છે. આ એક પ્રકારની બીમારી છે. એક વ્યક્તિ એવો હોય છે જે મળે છે તો મન ઘૃણાથી ભરાઈ જાય છે અને બીજો જ્યારે વિખૂટો પડે છે ત્યારે આંખોમાં આંસુ આવી જાય છે. બંને મનુષ્ય છે. બહારથી જોઈને એ ન કહી શકાય કે કોણ સારું છે, કોણ ખરાબ છે. ફક્ત તેમના વ્યવહારથી ખબર પડે છે કે તે વ્યક્તિ સારો છે કે ખરાબ છે. તમે બીજાઓ સાથે કેવો વ્યવહાર કરો છો એ જ મહત્ત્વપૂર્ણ છે. તેથી કહેવાય છે કે વ્યવહારકુશળ વ્યક્તિ સમાજમાં લોકપ્રિય બની જાય છે.

## કથાસાગર-લેખકની શિખામણ

જ્યોર્જ બર્નાર્ડ શો અંગ્રેજીના પ્રસિદ્ધ લેખક હતા. પરંતુ તેમને આ પ્રસિદ્ધિ આસાનીથી નહોતી મળી. તેના માટે તેમને બહુ સંઘર્ષ કરવો પડ્યો હતો. જેમ-જેમ તેમની રચનાઓને પાઠકોની પ્રશંસા મળતી ગઈ તેમ-તેમ એ સફળતાની બુલંદીઓને સ્પર્શતા ગયા. ત્યારબાદ તેમને રોજેરોજ અનેક કાર્યક્રમોમાં સામેલ થવા આમંત્રણ મળવા લાગ્યાં. તેઓ બહુ હસમુખ અને મિલનસાર હતા. તેથી તેમના ચાહનારાની એક લાંબી યાદી હતી. એક દિવસ તેમને એક કોલેજના કાર્યક્રમના મુખ્ય અતિથિ બનાવવામાં આવ્યા. જ્યોર્જ બર્નાર્ડ શોએ સહજતાથી આમંત્રણ સ્વીકારી લીધું અને કાર્યક્રમના દિવસે તે નક્કી સમય પર કોલેજ પહોંચી ગયા. જ્યારે કાર્યક્રમ સમાપ્ત થયો તો તેમના ઓટોગ્રાફ લેનારની ભીડ એકઠી થઈ ગઈ. એ ભીડમાં એક નવયુવાને તેમના ચરણસ્પર્શ કર્યા અને પોતાની ઓટોગ્રાફ બુક આપતાં કહ્યું, 'સર, મને સાહિત્યનો બહુ શોખ છે અને મેં તમારાં બધાં પુસ્તક વાંચ્યાં છે. તમે મારા પ્રિય લેખક છો. હું મારા જીવનમાં અત્યાર સુધી મારી ઓળખ બનાવી શક્યો નથી, પરંતુ બનાવવા માંગું છું. તેથી મને કોઈ સંદેશ આપીને હસ્તાક્ષર કરો તો બહુ મહેરબાની થશે.'

જ્યોર્જ તેની વાત પર હસ્યા અને હસ્તાક્ષર પુસ્તિકા પર એક સંદેશ લખીને પોતાના હસ્તાક્ષર કર્યા. યુવાને જોયું તો લખ્યું હતું, 'પોતાનો સમય બીજાઓના હસ્તાક્ષર મેળવવામાં નષ્ટ ન કરો, બલ્કે ખુદને એ યોગ્ય બનાવો કે બીજા તમારા હસ્તાક્ષર મેળવવા તત્પર રહે. પોતાની અલગ મહેનત બનાવવા માટે જરૂરી છે.' આ વાંચીને યુવાન તેમના પગમાં પડી ગયો અને બોલ્યો, 'સર, હું આપના આ સંદેશને જીવનભર યાદ રાખીશ અને મારી એક અલગ ઓળખ ઊભી કરીશ.' જ્યોર્જ બર્નાર્ડ શોએ તેની પીઠ થપથપાવી અને આગળ વધી ગયા.

## કથાસાગર-ફળનો સ્વાદ

બહુ પહેલાંની વાત છે. એક વખતે સંત ઈબ્રાહીમ ફરતાં ફરતાં અચાનક કોઈ ધનવાનના બગીચામાં જઇ પહોંચ્યા. ધનવાને જોયું તો તેમને તે કોઈ સાધારણ મજૂર સમજી બેઠો. તેણે તેમને કહ્યું, 'તારે જો કંઇ કામ જોઇતું હોય તો બગીચામાં દેખભાળ અને રખેવાળીનું કામ કરી લે. અત્યારે મારે એક એવા માણસની જરૂર પણ છે.'

ઈબ્રાહીમને એકાંત બગીચો ઈશ્વર ભજન માટે યોગ્ય લાગ્યો. તેમણે ખુશી ખુશી ધનવાનની વાત સ્વીકારી લીધી. બસ, પછી એ જ સમયથી તે બગીચામાં રખેવાળીનું કામ કરવા લાગ્યા. ધીમે ધીમે બગીચામાં કામ કરતાં કરતાં તેમને ઘણો સમય વીતી ગયો.

એક દિવસે બગીચાનો માલિક પોતાના થોડા મિત્રો સાથે ફરતાં ફરતાં પોતાના બગીચામાં આવ્યો. તેણે ઈબ્રાહીમને પોતાના માટે થોડી કેરીઓ તોડી લાવવા કહ્યું. સંત ઈબ્રાહીમ કેટલીક પાકેલી કેરીઓ તોડી લાવ્યા. પરંતુ દુર્ભાગ્યે એ તમામ કેરીઓ એકદમ ખાટી નીકળી. આથી બગીચાના માલિકે નારાજ થઈને કહ્યું, 'તને આટલા દિવસ થયા અહીં રહેતાં. પરંતુ તું હજુ સુધી પણ ઓળખી નથી શક્યો કે કયા આંબાની કેરીઓ ખાટી છે અને કયા આંબાની મીઠી?'

સંત ઈબ્રાહીમ હસી પડ્યા. તેમને હસતા જોઈને બગીચાના માલિકે પૂછ્યું, 'તું હસી કેમ રહ્યો છે?' ઈબ્રાહીમે જવાબ આપ્યો, 'તમે મને બગીચાની રખેવાળી માટે રાખ્યો છે. ફળ ખાવાનો અધિકાર તો આપ્યો નથી. તમે જ કહો, તમારી આજ્ઞા વગર હું તમારા બગીચાનાં ફળ કઈ રીતે ખાઈ શકું? અને ફળ ખાધા વગર જ તે ખાટાં છે કે મીઠાં તે કઈ રીતે જાણી શકું?' આ સાંભળીને બગીચાનો માલિક નતમસ્તક થઈ ગયો. તેણે પોતાના વ્યવહાર માટે તરત તેમની ક્ષમા માંગી.

# હવે બાહુબાલી -૨ને પહેલા મહારાણી એલિઝાબેથ નિહાળશે

મુંબઈ

ભારતીય સિનેમાની મોસ્ટ અવેટેડ ફિલ્મ બાહુબલી ધ કન્ક્લુજન-૨ની રજૂઆતની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેજી જ રીતે બાહુબલીની ટીમ ફિલ્મની લોકપ્રિયતાને જાળવવા માટે ફિલ્મ સાથે જોડાયેલી માહિતી પણ જારી કરી રહી છે. પ્રભાસ, તમન્ના ભાટિયા અને રાણા ડગ્ગુબતી સ્ટારર ફિલ્મ બાહુબલી ધ કન્કલુજન-૨ને લઈને હવે એવા હેવાલ આવી રહ્યા છે કે તેના પ્રિમિયર યુનાઈટેડ કિંગડમમાં આયોજિત કરવામાં આવનાર છે. ફિલ્મના પ્રિમિયરની ખાસ વિશેષતા મહેમાન મહારાની એલિઝાબેથ દ્વિતીય રહેશે. એવા અહેવાલ મળ્યા છે કે ૨૭મી એપ્રિલના દિવસે બકિંગ્ઘામ પેલેસમાં ભારતીય અને બ્રિટીશ સરકાર દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભારતની આઝાદીના ૭૦ વર્ષની ઉજવણી કરવામાં આવનાર છે. આ જ ભવ્ય આયોજનમાં બાહુબલી ધ કન્ક્લુજન-૨ના પ્રિમિયર ઉપરાંત અન્ય કેટલીક ભારતીય ફિલ્મો દર્શાવવામાં આવનાર છે. બાહુબલીના પ્રથમ ભાગના વિજયુઅલ ઈફેક્ટે દુનિયાભરમાં તમામ લોકોનુ ધ્યાન પોતાની તરફ આકર્ષિત કર્યુ હતુ.

મનોરંજનનો રસ થાળ લાવે છે
સિને-સરિતા
ફિલ્મો અને ટીવી જગતના નવીનતમ નજરાણાં...

# ફવાદ ફિલ્મોમાં ટકી રહેવા તમામ પ્રયાસો કરી રહ્યો છે

અભિનેતા ફવાદ ખાન બોલિવુડમાં અભિનેતાઓ વચ્ચે ચાલી રહેલી તીવ્ર સ્પર્ધા વચ્ચે ટકી રહેવા માટે તમામ પ્રયાસ કરી રહ્યો છે. તેની પાસે સોલો ફિલ્મ હાથમાં આવી રહી નથી. સારી ફિલ્મો મેળવી લેવા માટે તે પોતાની કુશળતા વધારી રહ્યો છે. ફવાદ ખાન પોતાની પ્રથમ ફિલ્મ ખુબસુરત રજૂ કરવામાં આવે તે પહેલા જ પાકિસ્તાની ટીવી શો જિન્જગી ગુલજાર મારફતે લોકપ્રિય થઈ ગયો હતો. જો કે પોતાની પ્રથમ ફિલ્મ ખુબસુરત રજૂ કરવામાં આવ્યા બાદ તેની મોટા ભાગની ફિલ્મો મલ્ટીસ્ટારર રહી છે. તેની ફિલ્મ કપુર એન્ડ સન્સ અને એ દિલ હૈ મુશ્કિલ આવી જ ફિલ્મો રહી છે. જો કે ફવાદ કહે છે કે તે ફિલ્મની પટકથાને ધ્યાનમાં લઈને ફિલ્મોની પસંદગી કરે છે. તેનુ કહેવુ છે કે કોઈ મલ્ટી સ્ટારર ફિલ્મમાં કામ કરવાથી કલાકાર નાના થતા નથી. આ એક જુની વિચારધારા છે. ચોક્કસપણે એક નિશ્ચિત હેલ્થી બેલેન્સ બનાવવા માટેના પ્રયાસ કરવામાં આવે છે. તેનુ કહેવુ છે કે ફિલ્મની પટકથા ફિલ્મના કિંગ તરીકે હોય છે. ખુબુરત ફિલ્મમાં ફવાદે સોનમ કપુરની સાથે યુવરાજ વિક્રમસિંહની ભૂમિકા અદા કરી હતી.જ્યારે કપુર એન્ડ સન્સમાં તે જુદી ભૂમિકામાં નજેર પડ્યો હતો. આ ફિલ્મમાં તે હોમો બોયની ભૂમિકા અદા કરવામાં સફળ રહ્યો હતો. તેની ભૂમિકાની ભારે પ્રશંસા થઈ હતી.

તેનુ કહેવુ છે કે બોલિવુડમાં તેના શરૂઆતા દિવસોમાં આ પ્રકારની ભૂમિકાને લઈને તેને કોઈ શંકા ન હતી. તેનુ કેહવુ છે કે બોલિવુડમાં નવા નવા પ્રયોગ કરવા માટે તે તૈયાર છે. દરેક પ્રકારના રોલ કરવાની તેની ઈચ્છા રહેલી છે. જો કે ફવાદે કહ્યુ હતુ કે તે શાનદાર પટકથાના હિસ્સા તરીકે ચોક્કસપણે રહેવા માંગે છે. જો કે તેની પાસે સોલો ફિલ્મ હાલમાં આવે તેવી શક્યતા ઓછી છે.



## હિરોઈન હિરો કરતા વધારે કુશળ : વરૂણ ધવન

ઓન ધ સ્ક્રીન



યુવા પેઢીના લોકપ્રિય સ્ટાર વરૂણ ધવન હાલમાં પોતાની નવી ફિલ્મ બદ્રીનાથ કી દુલ્હનિયાના પ્રમોશનમાં વ્યસ્ત થયેલો છે. ફિલ્મમાં તે બદ્રીનાથની મોટી ભૂમિકામાં નજરે પડનાર છે. સમાજમાં પુરૂષની પ્રધાનતાની માનાનારની ભૂમિકામાં વરૂણ નજરે પડનાર છે. વાસ્તવિક લાઈફમાં પોતાની લાઈફમાં વધારે સમય માતાની સાથે રહેનાર વરૂણ માને છે કે મહિલાઓ પુરુષ કરતા વધારે કુશળ હોય છે. વરૂણે કહ્યુ છે કે હવે સમય બદલાઈ ગયો છે. બદલાઈ રહેલા સમયની સાથે મહિલાઓની વિચારધારા ઝડપથી બદલાઈ ગઈ છે. હવે મહિલાઓ પુરૂષોની સાથે ચાલી રહી છે. બોલિવુડમાં પણ આ વાત દેખાઈ રહી છે. કંગના રાણાવત, આલિયા ભટ્ટ, સોનમ કપુર અને અનુષ્કા શર્મા જેવી અભિનેત્રી સોલો ફિલ્મમાં કામ કરી રહી છે.

આ તમામમાં તો કંગના રાણાવત સૌથી સારી કામગીરી અદા કરી રહી છે. આજના સમયની કોઈ પણ અભિનેત્રીને કોઈનો ભય નથી. કારણ કે તેમને કોઈની ચિંતા નથી. સાથે સાથે કુશળ સ્ટાર પણ રહેલી છે. આ તમામ અભિનેત્રી ફેરફાર કરી રહી છે. વરૂણે કહ્યુ છે કે આવનાર સમયમાં એક મહિલા પ્રધાન ફિલ્મ ૧૫૦ કરોડ રૂપિયાથી વધારેની કમાણી પણ કરનાર છે. હવે મહિલા પ્રધાન ફિલ્મનો સમય આવી ગયો છે. પોતાની ફિલ્મને લઈને વરૂણ આશાવાદી બનેલો છે. વરત્રમ પાસે હાલમાં કેટલીક અન્ય ફિલ્મો પણ રહેલી છે. જેમાં જુડવા-૨ ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મ વિતેલા વર્ષોની સલમાન ખાનની જુડવા ફિલ્મની સિક્વલ ફિલ્મ છે. તે અન્ય કેટલાક પ્રોજેક્ટ પણ હાથમાં ધરાવે છે.

# હવે લાલી કી શાદી મે લડ્ડુ દિવાના કોમેડી ફિલ્મ રહેશે

રૂપેરી આભના ચમકારા



અભિનેત્રી અક્ષરા હસન અને વિવાન શાહ દ્વારા અભિનિત લાલી કી શાદી મે લડ્ડુ દિવાના ફિલ્મ સાતમી એપ્રિલના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ગઈકાલે સોમવારના દિવસે ફિલ્મના ટ્રેલર જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. ફિલ્મ સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે ફિલ્મ કોમેડી હોવાની સાથે સાથે ગંભીર સંદેશો પણ આપનાર છે. ફિલ્મમાં તમામ કલાકારોએ ભારે મહેનત કરી છે. તમામ લોકોને આ ફિલ્મ ગમી જશે. ખાસ કરીને કોંમેડી ફિલ્મમાં વિશ્વાસ રાખનાર લોકોને આ ફિલ્મ જોરદાર રીતે પસંદ પડનાર છે. ફિલ્મમાં અક્ષરા એક શહેરી મોડર્ન યુવતિ લાલીની ભૂમિકામાં નજરે પડનાર છે. જ્યારે નાના શહેરના યુવાન લડ્ડુની ભૂમિકામાં વિવાન નજરે પડનાર છે. ગુરમીત અહીં વીરના પાત્રમાં નજરે પડનાર છે. જે એક રાજકુમાર તરીકે દેખાશે. લાલી કી શાદીમાં લડ્ડુ દિવાના ફિલ્મના બે મિનિટ ૫૭ સેકન્ડના ટ્રેલરને લોંચ કરવામાં આવ્યા બાદ સ્પષ્ટ થાય છે કે તે એક કોમેડી ફિલ્મ છે. જે કોમેડીની સાથે સાથે એક ગંભીર સંદેશ આપશે. સ્ટાર એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ બનેલી આ ફિલ્મના નિર્માતા ટીવી અગ્રવાલ તરીકે છે. રાહુલ અગ્રવાલ પણ નિર્માતા તરીકે છે. એક જજની ભૂમિકામાં નજરે પડેલા સૌરભ શુક્લા પણ લાલી કી શાદીમાં લડ્ડુ દિવાના નામની ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકામાં છે. સૌરભ શુક્લાએ હાલમાં અક્ષય કુમારની સાથે જોલી એલએલબી-૨માં જોરદાર ભૂમિકા અદા કરી હતી. ફિલ્મમાં કવિતા વર્મા, કિશોરી શહાણે પણ ચાવીરૂપ રોલમાં છે. રવિ કિશન પણ નાના રોલમાં નજરે પડનાર છે. સાતમી એપ્રિલના દિવસે ફિલ્મ દેશભરમાં રજૂ કરવાનો નિર્ણય કર્યો છે. અક્ષરા માટે આ ફિલ્મ ઉપયોગી સાબિત થઈ શકે છે. જ્યારે નસીરુદ્દીન શાહનો પુત્ર વિવાન પણ ફિલ્મને લઈને આશાવાદી છે.




## ન્યુઝ સ્ટ્રીપ્સ

★ અભિનેત્રી બરખા બિશ્ત નામકરણ ધારાવાહીકમાં બાળ કલાકાર અરસીન નામદારની સીંગલ મધરની ભૂમિકા ભજવતી હતી. તેમાં તેનો રોલ પણ અત્યંત મહત્વનો હતો પરંતુ તેનો અણધાર્યો અંત લાવી દેવાતાં બરખા દુઃખી દુઃખી થઈ ગઈ છે. તે કહે છે કે મેંકલ્પના પણ નહોતી કરી કે મારી ભૂમિકાની આવી રીતે બાદબાકી કરવામાં આવશે. જો કે તે માને છે કે ટીઆરપીને ધ્યાનમાં લઈને કહાનીમાં ફેરફાર કરવા જરૂરી બની જાય છે. તેથી કદાચ આવું કરવામાં આવ્યું હશે. જો કે એમ કહેવાય છે કે બરખાને અરસીન સાથે ફાવતું નહોતું. એમ પણ કહેવાય છે કે અરસીનના પાત્રને તેની ભૂમિકા કરતાં વધુ મહત્વ આપવામાં આવતું હતું તે બરખાથી સહન નહોતું થયું અનેજ્યારે માતા પુત્રી વચ્ચે સ્નેહનો સેતુ બંધાતો ન દેખાય ત્યારે દર્શકોને તેમાં કાંઈક ખુટતું હોવાનું દેખાયા વિના રહે ખરૂં ?

★ તાજેતરમાં અભિનેતા રવિ દુબેએ તેની ભવ્ય બર્થડે પાર્ટી આપી હતી આ પાર્ટીમાં ઉપસ્થિત મહેમાનો માટેની બર્થડે કેકે ખાસ્સુ કુતુહલ જગાવ્યું હતું. કેક પર બનાવેલા કાઉચ પર એક યુવકને ઝોકું ખાતો ચીતરવામાં આવ્યો હતો અને તે યુવક સ્વયં રવિ હતો. મને કાઉચ પર ઝોલાં ખાવાની ટેવ છે. હું મોટા ભાગે કાઉચ પર સુઈ જતો હોઉં છું અને મારી પત્ની સરગુન મહેતા મને જગાડવા આવે છે. અમે મોજ ખાતર મારી આદતને કેક પર ઉતારી.

★ટીવી પર અભિનય કારકીર્દી શરૂ કરનાર રાગીણી નંદવાણીએ ભારતીય ફિલ્મોમાં કિસ્મત અજમાવી અને હવે તે ટચુકડે પડદા પર પાછી યરી રહી છે. આ વખતે તે સુપર કોપ્સ વર્સેસ સુપર વિલનમાં વેમ્પાયરની ભૂમિકા સાથેઆવી છે. આ શોને નવો મુખ્ય વળાંક આપીને અભિનેતા હર્ષદ અરોરાને વેરવુલ્ફના પાત્રમાં અને વેંપાયરના રોલમાં રાગીણીને રજુ કરવામાં આવી રહી છે. હું ટીવી પર સારા રોલની ઓફરની રાહ જોતી હતી. મને ગમતું પાત્ર મળતાં જ હું ટચુકડા પડદે પાછી આવી ગઈ છું.

★હાલના તબક્કે બહુ હમારી રજનીકાંતમાં રોબોનો રોલ કરી રહેલી અભિનેત્રી રિદ્ધિમા પંડીત પણ એક અચ્છી ગાયિકા પણ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તેનો સ્વર અત્યંત મધુર છે. અને ઘણીવાર સેટ પર બ્રેક દરમિયાન તેને ગાતી સાંભળવા બધા ટોળે વળે છે. રિદ્ધિમાએ પણ આ વાતની પુષ્ટી આપતાં કહે છે કે મને નાનપણથી ગાવાનો શોખ છે. શાળાના કાર્યક્રમોમાં હું આ ક્ષેત્રે ઈજામો જીતતી. અમારા કૌટુંબિક સમારંભોમાં પણ હું ગાતી. જો મને અભિનય ક્ષેત્રે તક ન મળી હોત તો હું કદાચ સીગીંગ રીયાલીટી શો તરફ વળી ગઈ હોત.

# ફિટનેસને લઈને ટાઈગરના ક્રેઝથી શિલ્પા પણ પ્રભાવિત



બોલિવુડની વિતેલા વર્ષોની લોકપ્રિય અભિનેત્રી શિલ્પા શેટ્ટી ટાઈગર શ્રોફની ફિટનેસને લઈને ગંભીરતાથી ખુબ પ્રભાવિત થઈ છે. શિલ્પા શેટ્ટીએ કહ્યુ છે કે તેનો પુત્ર ટાઈગર શ્રોફના મોટા ચાહક તરીકે છે. શિલ્પા શેટ્ટીએ એમ પણ કહ્યુ છે કે ટાઈગરને મોટો થતા તે શરૂઆતથી જોઈ રહી હતી. તે એક અભિનેતા બન્યો ત્યારથી જ તે તેને સારી રીતે જાણે છે. ટાઈગર શ્રોફ એવા લોકોમાં સામેલ છે જે લોકોનુ તે સન્માન કરે છે. ફિટનેસ જંગલના તે એક સાચા ટાઈગર તરીકે છે. ૨૬ વર્ષીય ટાઈગર શ્રોફે ક્યારેય ડાઈટ શબ્દનો ઉપયોગ કર્યો નથી. તે મને છે કે ફિટનેસ એક ટેવ તરીકે રહે તે જરૂરી છે. શિલ્પા શેટ્ટી પોતે ફિટનેસને લઈને હમેંશા સાવધાન રહે છે. તે ફિટનેસને લઈને કેટલાક ચાહકોમાં લોકપ્રિય પણ રહી છે. તેનુ કહેવુ છે કે ટાઈગર શ્રોફ પોતાની ફિટનેસને લઈને હમેંશા કાળજી રાખે છે. બોલિવુડમાં ફિલ્મં હિરોપતિ મારફતે ટાઈગરે એન્ટ્રી કરી હતી. ત્યારબાદ તેની કોઈ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી શકી નથી પરંતુ તેની પાસે સતત સારી ફિલ્મો આવી રહી છે. હાલમાં તે સુપરમેનની ફિલ્મમાં નજરે પડ્યો હતો. જો કે આ ફિલ્મ પણ ફલોપ સાબિત થઈ હતી. તેની સાથે ફિલ્મમાં જેક્લીન હતી. તે હાલમાં કેટલીક મોટા બેનરની ફિલ્મમાં કામ કરી રહ્યો છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા જેકી શ્રોફના પુત્રે બોલિવુડમાં હિરોપંતિ સાથે ધડાકા સાથે એન્ટ્રી કરી હતી. તેની પાસે અપેક્ષા પણ છે.

# જેકલિન જુડવા-૨ ફિલ્મને લઈને તૈયારીમાં વ્યસ્ત થઈ

ઓન ધ સ્ક્રીન



જુડવા-૨ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાની તૈયારી શરૂ થઈ ચુકી છે. જુડવા-૨ ફિલ્મમાં અભિનેત્રી જેકલિન કરિશ્મા કપૂરની ભૂમિકામાં નજરે પડનાર છે જેના પરિણામ સ્વરુપે હાલમાં જેકલિન કરિશ્મા કપૂરની વિતેલા વર્ષની જુડવા ફિલ્મને નિહાળી રહી છે. પોતાના પાત્રને ન્યાય આપવા માટે જેકલિન ભારે પ્રભાવિત દેખાઈ રહી છે. ડેવિડ ધવન દ્વારા નિર્દેશિત જુડવા ફિલ્મમાં સુપરસ્ટાર સલમાન ખાને બેવડી ભૂમિકા ભજવી હતી. હવે ડેવિડ ધવન દ્વારા જ જુડવા-૨ ફિલ્મનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેમાં વરુણ ધવન બેવડી ભૂમિકા છે. તેની સાથે તાપ્સી પન્નુ પણ છે જે વિતેલા વર્ષની જુડવા ફિલ્મમાં જે ભૂમિકા રંભા દ્વારા અદા કરવામાં આવી હતી તે ભૂમિકામાં નજરે પડનાર છે. જ્યારે જેકલિન અને વરુણ આ પહેલા પણ સાથે કામ કરી ચુક્યા છે. રોહિતની ફિલ્મમાં આ બંને સાથે હતા પરંતુ બંને પ્રથમ વખત તાપ્સી સાથે નજરે પડશે. આ ઉપરાંત જેકલીને હાલમાં જ બોલીવુડની એક્શન આઈકન અંગે વાત કરતા કહ્યું હતું કે, ડેવિડ ધવનની ફિલ્મો હંમેશા ચાહકોને પસંદ પડી છે. ફલાઈંગ જાટ ફિલ્મ તેની ફલોપ રહી હતી. જેકલિન હાલમાં બે પ્રોજેક્ટ ઉપર કામ કરી રહી છે જેમાં રિલોડ અને ડ્રાઈવ ફિલ્મનો સમાવેશ થાય છે. જુડવા-૨ ફિલ્મનું નિર્માણ સાજિદ નડિયાદવાળા દ્વારા કરાઈ રહ્યું છે. આ ફિલ્મ સપ્ટેમ્બર મહિનામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# ખુબસુરત સોનમ કપુર પાસે હાલમાં ત્રણ મોટી ફિલ્મ છે

સીને

બોલિવુડમા આશાસ્પદ સ્ટાર તરીકે રહેલી સોનમ કપુરની પાસે વધુ ત્રણ મોટી ફિલ્મ આવી ગઈ છે. જે પૈકી એક ફિલ્મ નિર્દેશનના ક્ષેત્રમાં પ્રથમ વખત ઝંપલાવી રહેલા



શશાંક ઘોષની વીર ધી વિડિગ, આર બાલ્કીની પેડમેન અને રાજુ હિરાનીની સંજય દત્તની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં નજરે પડનાર છે. ત્રણેય મોટા બેનરની ફિલ્મ છે. એકમાં તે અક્ષય કુમારની સાથે, બીજીમાં રણબીર કપુરની સાથે અને અન્ય એકમાં કરીના કપુરની સાથે તે નજરે પડનાર છે. તેની લોકપ્રિયતા સલમાન ખાનની સાથે પ્રેમ રતન ધન પાયો અને નીરજા બાદ વધી ગઈ છે. બીજી બાજુ એવા અહેવાલ પણ મળ્યા છે કે બોલિવુડમાં લોકપ્રિય અને આશાસ્પદ અભિનેત્રીમાં સ્થાન ધરાવનાર સોનમ કપુર હાલમાં આનંદ આહુજા નામની વ્યક્તિ સાથે ડેટિંગ કરી રહી છે. સોનમ કપુરના ડેટિંગના અહેવાલની ચર્ચા હાલમાં બોલિવુડમાં જોવા મળે છે. બન્ને છેલ્લા કેટલાક સમયથી સાથે પણ નજરે પડે છે. જો કે બન્ને પોતાના સંબંધ અંગે વાત કરવા માટે તૈયાર નથી. હાલમાં સોનમ કપુરને આ સંબંધમાં પુછવામાં આવતા કોઈ માહિતી આપવાનો સોનમ કપુરે ઈન્કાર કર્યો હતો. સોનમ કપુર અને આહુજા અનેક વખત એકસાથે કેમેરામાં કેદ થઈ ચુક્યા છે. જો કે બન્ને કોઈ વાત કરવા માટે તૈયાર નથી. તેમના નજીકના લોકો માને છે કે બન્ને વચ્ચે રોમાંસ છે. બન્ને એકબીજાના ગળાડુબ પ્રેમમાં પણ છે. પરંતુ બન્ને હાલમાં તેમના સંબંધોની માહિતી જાહેર કરવા માટે તૈયાર નથી. તેનુ કહેવુ છે કે તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં છેલ્લા ૧૦ વર્ષથી છે. આ ગાળા દરમિયાન ક્યારેય તે પર્સસલ વિષય પર વાત કરતી નથી.

બીહાઈન્ડ ધ સ્ક્રીન

# કરીના કપુરની સાથે ફિલ્મ બનાવવા વિશાલ ઇચ્છુક



જાણીતા ફિલ્મકાર વિશાલ ભારદ્વાજ હવે કરીના કપુર સાથે વધુ એક ફિલ્મ બનાવવાની યોજના ધરાવે છે. કરીના કપુર સાથે વિશાલે ઓમકારા ફિલ્મ બનાવી હતી. વિશાલે ફરી એકવાર કરીના સાથે ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વિશાલે પોતાની ફિલ્મ રંગુનના સ્ક્રીનિંગ વેળા આ વાત કરી હતી. વિશાલે કહ્યુ હતુ કે તેઓ કરીનાના મોટા ચાહક તરીકે છે. અમારા બન્ને વચ્ચે સારા સંબંધ રહ્યા છે. તે એક સાનદાર અભિનેત્રી રહી છે. તેઓ કરીના સાથે વધુ એક ફિલ્મ કરવા માટેની ઈચ્છા ધરાવ છે. હાલમાં જ રંગુનના નિર્દેશક વિશાલ ભારદ્વાજની કરીના કપુરે પ્રશંસા કરી હતી. ૩૬ વર્ષીય કરીના કપુર બોલિવુડમાં ટુંક સમયમાં જ બોલિવુડમાં બીજી ઈનિગ્સ શરૂ કરવાની યોજના ધરાવે છે. કરીના કપુરે કહ્યુ હતુ કે તે રંગુનને વર્ષની સૌથી મોટી સફળ ફિલ્મ બને તેવી આશા ધરાવે છે. બીજા વિશ્વ યુદ્ધ પર આધારિત આ ફિલ્મમાં તેની સાથે કંગના રાણાવત અને શાહિદ કપુર પણ છે. કંગનાની પ્રસંસા કરતા વિશાલે કહ્યુ હતુ કે કંગના બોલિવુડમાં સૌથી કુશળ અભિનેત્રી પૈકી એક તરીકે છે. તેની સાબિતી તે પહેલા પણ આપી ચુકી છે. રાષ્ટ્રીય એવોર્ડ પણ તે શ્રેષ્ઠ અભિનેત્રી માટે જીતી ચુકી છે. તેઓ ચાહકોને આ ફિલ્મ દર્શાવવા માટે ખુબ ઉત્સુક છે. સાત વર્ષના સપનાને પૂર્ણ થતા જોઈને તે ભારે ખુશ છે. કેટલાક કારણોસર આ ફિલ્મ વારંવાર અટવાઈ પડી હતી. આખરે ફિલ્મ રજૂ કરવામાં આવી રહી છે. શુક્વારે રજૂ કરવામાં આવી રહેલી ફિલ્મમાં કંગના મુખ્ય રોલમાં છે. તે ફિલ્મના પ્રચાર માટે પણ સતત વ્યસ્ત રહી છે. કંગના બોલિવુડમાં ક્વીન તરીકે ઉભરી ચુકી છે. તે મોટા ભાગે તેની ફિલ્મ એકલા હાથે ચલાવી દેવાની તાકાત ધરાવે છે. રંગુન ફિલ્મ શુક્રવારના દિવસે દેશભરમા રજૂ કરવામા આવનાર છે. આની ભારે ચર્ચા પહેલાથી જ છે.

# રજનિકાંત સાથે હવે સ્ટાર વિદ્યા બાલન રોલ કરી શકે



સુપરસ્ટાર રજનિકાંતના નિર્દેશક પી રંજિત ફિલ્મ કબાલીના સ્પીન ઓફના પ્રી પ્રોડક્શન પર કામ કરી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ ફિલ્મમાં અભિનેત્રી તરીકે વિદ્યા બાલનને લેવાની વાત ચાલી રહી છે. કબાલીના સ્પીન ઓફના ટાઈટલ અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. પરંતુ આ વખતે આ ફિલ્મ કબાલી કરતા ખાસ રહેશે. કારણ કે ફિલ્મના નિર્માતા તરીકે રજનિકાંતના જમાઈ ધનુષ રહેનાર છે. જ્યારે ફિલ્મના નિર્દેશક તરીકે પા રંજિત રહેશે.રંજિતની સાથે રજનિકાંતની આ બીજી ફિલ્મ રહેશે. ધનુષ પોતાના હોમ પ્રોડક્શન વંડર બાર ફિલ્મસના બેનર હેઠળ આ ફિલ્મનુ નિર્માણ કરવા જઈ રહ્યા છે. કબાલીના પ્રથમ ભાગમાં રજનિકાંતની સાથે રાધિકા આપ્ટે નજરે પડી હતી. વિદ્યા બાલન હાલમાં પોતાની બેગમ જાન ફિલ્મને લઈને વ્યસ્ત થયેલી છે. મળેલી માહિતી મુજબ રંજિતે સૌથી પહેલા પટકથાની વિચારણા અંગે ધનુષ સાથે વાત કરી હતી. ધનુષે પટકથા સાંભળતાની સાથે જ આ આ ફિલ્મને હાથ ધરવાનો નિર્ણય કરી લીધો હતો. રજનિકાંતની કબાલી ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. આ ફિલ્મને ૨૧૧ કરોડ રૂપિયા ઈન્ડિયન બોક્સ ઓફિસ પર મળી ગયા હતા. જ્યારે ૨૫૯ કરોડની કમાણી વિદેશી માર્કેટમાંથી થઈ હતી. લોકપ્રિય અને ચર્ચાસ્પદ કબાલી ફિલ્મે રજૂઆત પહો જ મ્યુઝિક અને સેટેલાઈટના અધિકાર મારફતે ૨૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી હતી. રજનિકાંત હાલના દિવસોમાં ટુ ફિલ્મમાં કામ કરી રહ્યા છે. ફિલ્મના પોસ્ટ પ્રોડક્શન પર કામ ચાલી રહ્યુ છે.

**ડીસામાં એલઈડી ...**

**પાના નં.૧ ચાલુ**

બીલમાં મોટી રકમની બચત કરાતી હોવાનો દાવો કર્યો હતો. આ બન્નેના અમલીકરણ અગાઉ જનરલ બોર્ડમાં ઠરાવ કરાયા હતા. પરંતુ બન્નેના અમલીકરણ બાદ તે ફાયદાકારક છે કે નુકશાનકારક તે મુદ્દે સત્તાધીશોમાં બે ભાગ પડી ગયા છે. ત્યારે તાજેતરમાં મળેલી કારોબારી સમિતિની બેઠકમાં આ બન્ને પ્રોજેકટના અમલમાં ટેન્ડરની શરતોનો ભંગ થયો હોવાનું તેમજ પ્રજા અને પાલિકાના હિતને નુકશાન કારક હોવાના મતે બન્ને પ્રોજેકટ રદ કરવાનો ઠરાવ કરાયો છે. આ મુદ્દો પાલિકા વર્તુળમાં ભારે ચર્ચાસ્પદ બન્યો છે અને હવે સ્ટ્રીટ લાઈટો રહેશે કે ઉતરી જશે તે બાબતે તરેહ તરેહની ચર્ચા થઈ રહી છે.

**માર્ચ ૨૦૧૮...**

**પાના નં.૧ ચાલુ**

કરનાર એજન્સીઓને મજબૂત કરવાની પ્રાથમિકતા છે કારણ કે પોલીસ દળ (કેન્દ્રિય અર્ધલશ્કરી દળ, દિલ્હી પોલીસ)ને વિસ્તૃત કરીને તેમની વર્તમાન સંખ્યા ૧૦.૦૭ થી વધારીને માર્ચ ૨૦૧૮ સુધી ૧૧.૧૩ લાખ કરવા માટે બજેટની ફાળવણી કરવામાં આવી ચુકી છે. નોટબંધી બાદ કાળા નાણાંની સામે અભિયાનમાં સામેલ ઈન્કમટેક્સ વિભાગની વર્તમાન તાકાત ૪૬૦૦૦થી વધારીને માર્ચ ૨૦૧૮ સુધી ૮૦,૦૦૦ કરવામાં આવશે. આવી જ રીતે મોદી સરકારની મહત્વકાંક્ષી ટેક્સ કાયદાકીય જીએસટી લાગુ કરવાની જવાબદારી સંભાળવનાર વિભાગની શ્રમ શક્તિ વધારવામાં આવશે. માર્ચ ૨૦૧૯૮ સુધી વિભાગ માટે ૪૧૦૦૦ નવી ભરતી કરવામાં આવશે. આનાથી વિભાગીય કર્મચારીની વર્તમાન સંખ્યા ૫૦૬૦૦થી વધીને આગામી વર્ષમાં ૯૧૭૦૦ સુધી પહોંચાડી દેવામાં આવશે. વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૧૮ દરમિયાન સંરક્ષણથી અલગ સૌથી મોટી સંખ્યાવાળા કર્મચારીઓના વિભાગ તરીકે રેલવે છે. અંતરિક્ષ, પરમાણુ ઉર્જા, મંત્રી મંડળ સચિવાલય જેવા વિભાગોની સાથે સાથે માહિતી પ્રસારણ, વિદેશ મંત્રાલયોમાં પણ સ્ટાફની સંખ્યા વધારવાની યોજના રહેલી છે. સરકારે વર્ષ ૨૦૧૬માં પોતાની શ્રમ શક્તિમાં ૧.૮૮ લાખ સ્ટાફનો વધારો કરવા માટેની રૂપરેખા તૈયાર કરી લીધી છે પરંતુ માહિતી ટેકનિક વિભાગ અને અન્ય વિભાગોમાં ભરતી થઈ શકી ન હતી. વિદેશ નીતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખાસ યોજના રહેલી છે. જેના પરિણામ સ્વરૂપે વિદેશ મંત્રાલયમાં ૨૦૦૦ કર્મચારીઓનો ઉમેરો કરાશે. આની સાથે જ મંત્રાલયના વર્ષ ૨૦૧૬ના ૯૨૯૪ સ્ટાફના મુકાબલે માર્ચ ૨૦-૧૮માં ૧૧૪૦૩ કર્મચારી થઈ જશે.

**ગૃહ રાજ્યમંત્રી...**

**પાના નં.૧ ચાલુ**

નીતિન પટેલ સાથેની મોબાઈલ પરની વાતચીત રેકોર્ડ કરી વાઈરલ બનાવી હતી. ગોપાલ ધંધૂકામાં જ એક સરકારી ક્લાર્કની નોકરી કરે છે. આ ઘટના પછી ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, હું ઘટનાની નિંદા કરું છું, લોકશાહીમાં સૌને ચર્ચા કરવાનો અધિકાર છે પણ આ રીતે ઉશ્કેરણીજનક વર્તન યોગ્ય નથી. તેમણે કોંગ્રેસ તરફ પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે અને ઉશ્કેરણીજનક વાતાવરણ ઉભું કરાઈ રહ્યું છે. સરકાર અને પ્રધાનોને બદનામ કરવાનું કાવતરું છે. લોકશાહીને છાજે તેવું વર્તન કરવું જોઈએ. કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે આ મામલા સંદર્ભે જણાવ્યું હતું કે, જે રોષ કે આક્રોશ હોય તેમાં લોકશાહીમાં આંગણવાડી, કોન્ટ્રેક્ટ પર કામ કરતા, ફિક્સ પે વાળા..., બધા જ વર્ગના લોકો આ સરકારથી રોષે ભરાયેલા છે. લોકશાહીમાં જૂતાનો હાર પહેરવા પણ તૈયાર રહેવું પડે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પર અમદાવાદ શહેરમાં જ ચપલ ફેંકાયુ હતું. કોંગ્રેસના કહેવાથી પ્રજા ઉશ્કેરાતી નથી, કોઈપણ રાજકીય નેતા સાથે આવું થઇ શકે છે. જો કે, વિધાનસભા સંકુલમાં બનેલી ઘટના સુરક્ષાને લઈને અનેક પ્રશ્નો ઉભા કરે છે. પ્રદિપસિંહ પરના હુમલાને ગૃહમાં વખોડી કાઢવામાં આવ્યો હતો. પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ સમગ્ર ઘટનાને વખોડતા કહ્યું કે, લોકશાહીને લાંછન લગાવતી આ ઘટના છે, અશોભનીય, નિંદનીય, સસ્તી પ્રસિદ્ધિ માટે કરાયેલું કૃત્ય છે. કોંગ્રેસ અને અન્ય પાર્ટી ઉશ્કેરણી કરીને, આવી નાટકીય પ્રસિદ્ધિ દ્વારા ગુજરાતની સંસ્કારિતા લજાવવા પ્રયાસ ન કરે. તમામ પક્ષોએ એકમત થઇ ઘટનાને વખોડવી જોઈએ, આ સરકાર મહિલા, યુવાનો, ખેડૂતો અને ગરીબો માટે કામ કરતી સરકાર છે.

**ઝેરડા નજીક...**

**પાના નં.૮ ચાલુ**

ટક્કર થઈ હતી. તેથી સ્વિફ્ટ કારનો આગળનો ભાગ ભાગીને ભુક્કો થઈ ગયો હતો. જયારે અકસ્માત બાદ ટ્રેલર રોડ સાઈડની ચોકડીમાં ઘુસતા બટાટા ભરેલ ટ્રેક્ટર ટ્રોલી (નં.જીજે ૦૮ એઈ ૬૪૫૦) સાથે ટકરાયું હતુ. તેથી ટ્રોલી પલટી જતા બટાટાના કટ્ટા હાઈવે રોડ ઉપર વિખેરાયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ગાડીઓના સ્પેર પાર્ટસ રોડ ઉપર ફંગોળાયેલા પડયા હતા. જે ત્રિપલ અકસ્માતમાં સ્વિફ્ટ કાર ચાલકનું કમકમાટીભર્યું મોત નિપજયું હતું.

અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડયા હતા. બાદમાં દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**થરાદમાં સગીરાને ...**

**પાના નં.૮ ચાલુ**

હિન્દીમાં વાત કરતો હતો પરંતુ ગોળા ગામે ટ્રક ઉભી રાખવાનું કહેતા તેણે ટ્રક ઉભી રાખી ન હતી અને તેણીને સાંચોર લઈ જઈ હવે તારે મારી સાથે રહેવાનું છે તેમ કહી ડરાવી હતી. બાદમાં રાત્રે ૧૦ ક. ટ્રક ખુણામાં ઉભી રાખી ટ્રકમાં જ તેણી સાથે દુષ્કર્મ આચર્યું હતુ. એના પછી કલાક બાદ ફરી દુષ્કર્મ આચરેલા એ દરમ્યાન ટ્રક આજુબાજુ લોકો એકઠા થતા પોલીસ દોડી આવી હતી અને બંનેને પોલીસ મથકે લઈ ગઈ હતી. બાદમાં પોલીસે સગીરાને થરાદ પોલીસ મથકે ખસેડી હતી. જયાં તેણે ટ્રક ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

**ડીસામાં ડીઝલમાં...**

**પાના નં.૮ ચાલુ**

ટેન્કમાંથી ડિઝલ કાઢી લઈ તેમાં તેટલું પાણી ભેળવી દેતા હોવાનું બહાર આવતાં પોલીસે આ કેસમાં અત્યાર સુધી ૯ આરોપીની ધરપકડ કરી ચુકી છે.

ત્યારે ટેન્કમાંથી કાઢેલા ડિઝલની ખરીદી કરનાર સુત્રધાર તરીકે મહેશકુમાર રામાભાઈ જોષી (રહે.રણાવાડા તા.કાંકરેજ) હોવાનું જણાતાં પોલીસે ગુરૂવારે તેની રણાવાડાથી ધરપકડ કરી હતી.

**ગુંદરી ચેકપોસ્ટ..**

**પાના નં.૮ ચાલુ**

તલાશી લેતાં ગાડીની પાછળ બનાવેલ પતરાના બોકસમાંથી તેમજ સીટની નીચે બનાવેલ લાકડાના બોકસ નીચેથી કિં.રૂ.૨,૫૬,૯૦૦નો ૬૧૯ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. આથી પોલીસે વિદેશી દારૂ રૂા.૫ લાખની ટેમ્પો ટ્રાવેલર તથા રોકડ તેમજ બે મોબાઈલ મળી કુલ રૂા.૭,૬૧,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ગાડીના ચાલક ગીતારામ રામકુમાર જાટ રહે.ખરકભુરા નરવાના જિ.જિન્દ હરીયાણા તથા અશોકકુમાર કિશનકુમાર જાટ રહે.રોહતક હરીયાણાવાળાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**થરાદમાં દલિતો..**

**પાના નં.૮ ચાલુ**

સરપંચની ખુલ્લેઆમ હત્યા થઈ છે. દલિતો ઉપર થતા અત્યાચાર મુદ્દે પોલીસ ફરિયાદ લેતી નથી. જ્યારે રાજકીય દબાણમાં સરકાર અત્યાચારીઓ વિરૂધ્ધ ઠોસ પગલા ભરતી નથી. તેથી અત્યાચારો વધ્યા છે. જેથી દલિતો વિદ્રોહની રણનીતિ અપનાવે તે પૂર્વે સરકાર કાયદાનું ચુસ્ત પાલન કરાવે તેવી માંગ કરી હતી.

**ભાભર નજીક ..**

**પાના નં.૮ ચાલુ**

પુરપાટ ઝડપે આવી રહ્યા હતા. ત્યારે સામે આવી રહેલ બાઈક સાથે જોરદાર અકસ્માત સર્જાતા બાઈક ચાલક પરમાર ગોવિંદ રત્નાભાઈ નામનો ઈસમ રોડ ઉપર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે આસપાસથી લોકો દોડી આવીને ૧૦૮ વાનને જાણ કરી હતી. આથી ૧૦૮ દ્વારા ઘાયલ યુવકને પ્રથમ ભાભર સી.એચ.સી. ખાતે સારવાર અર્થે ખસેડયો હતો. પરંતુ યુવકને ગંભીર ઈજાઓ હોવાથી વધુ સારવાર અર્થે પાટણની ધારપુર મેડીકલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો હતો. અકસ્માત બાદ બોલેરો ગાડી ચાલક ગાડી મુકી ભાગી ગયો હતો. આ અંગે ભાભર પોલીસે અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**વેડંચા ગામમાં...**

**પાના નં.૮ ચાલુ**

કન્યા લાવી આપી લગ્ન કરાવી આપવાની લાલચ મા ફસાવ્યો હતો. જો કે, ત્યારબાદ વાલજી લુહારે આ પરિવાર ના ત્રણેય ભાઈઓની મુલાકાત પાલનપુર ખાતે રહેતા રમજાનશા ફકીર સાથે કરાવી હતી. જો કે, ત્યારબાદ રમજાનશા એ મહારાષ્ટ્રમાથી કન્યા લાવી આપવાની વાત કરી અને બે લાખ ની માગણી કરી હતી. જો કે, મોટા બે ભાઈ ઓની ઉમર થઈ ગઈ હોવાથી કન્યા નો મેળ પડે એમ ન હતો. તેથી નાના બાલમુકુંદ માટે બે લાખ નું બલિદાન આપવા બે ભાઈ તૈયાર થઈ ગયા. ત્યારબાદ રમજાનશા એ માલેગાંવમા રહેતી તેની બેન આશાને ફોન દ્વારા એક પાર્ટી ને કન્યા લાવી આપવાની વાત કરી હતી. જો કે આશા એ બે લાખ રૂપિયા મા લીલી જંડી આપતા સૂત્રધાર રમજાનશા પીડિત એવા બાલમુકુદ અને મોટાભાઈ પ્રવીણ ને બે લાખ રૂપિયા લઈ ટ્રેન મારફતે માલેગાંવ પહોંચ્યો હતો. જો કે, માલેગાંવમા એક કન્યા બતાવી જે પસંદ ન પડતા માલેગાંવ મા રહેતી નસીમ શેખ અને જ્યોતિ જાદવ નામની મહિલાઓની મદદથી પૂજા નામની કન્યા ને બતાવી હતી. જો કે કન્યા બાલમુકુદ ને પસંદ પડતા સ્ટેમ્પ પર લગ્ન નો કરાર કરી મંગળસૂત્ર પહેરાવી બે લાખ લઈ કન્યા પધરાવી રવાના કર્યા હતા. જો કે, પૂજા નામની કન્યા વેડન્ચા માં ૨૦ દિવસ રહ્યા બાદ લગ્ન નું બહાનું કાઢી માલેગાંવ બોલાવેલા. પતિ એવો બાલમુકુંદ્દ પૂજા ને લઈ માલેગાંવ લગ્ન મા પહોંચ્યો . ત્યારબાદ પૂજા માલેગાંવ થી ગાયબ થઈ ગઈ હતી. જો કે, ત્યાર બાદ જ્યોતિ નામની મહિલા નો ટેલિફોનિક સમ્પર્ક થતા ફરી પૂજા અને બાલમુકુંદ નું મિલન કરાવી બીજા ?.વિસ હજાર ખંખેરી લીધા હતા. ત્યારબાદ પૂજા લગ્ન બાદ વેડન્ચા આવી જશે એવું કહી બાલમુકુંદ ને રવાના કરી દીધો હતો.જો કે, ધણા દિવસ બાદ પણ પૂજા પરત ન આવતા આખરે છેતરાયાનો અહેસાસ થતા આખરે પોલીસ નો સહકાર ન મળતા હાઈકોર્ટ ની મદદ થી દાદ માંગતા આખરે પાલનપુર તાલુકા પોલીસે હાઈકોર્ટ ના આદેશ ને પગલે ફરિયાદી પ્રવીણ ભાઈ ની ફરિયાદ દાખલ કરી હતી.

ફરિયાદી પ્રવીણ ભાઈ ની ફરિયાદ ને આધારે પોલીસે છેતરપિંડીની ૬ લોકો સામે ફરીયાદ દાખલ ૪૨૦ સી મુજબ ગુનો દાખલ કરી આરોપી ઓ ની તપાસ હાથ ધરી છે. આ સમગ્ર મામલા ની તપાસ મહિલા પી એસ આઈ ચૌધરી ચલાવી રહ્યા છે.

વેડન્ચા મા બાજુ મા લુહારી કામ કરતા વાલજી લુહારે ફસાવી માલેગાંવ લગ્ન કરાવી બે લાખ નો ચૂનો લગાવ્યો છે હવે કન્યા તો ગઈ પરંતુ પરસેવાની કમાણી ના બે લાખ રૂપિયા અને ન્યાય માટે ની પીડિત ની માગણી છે. મહારાષ્ટ્ર ની મહિલા ગેંગ મા ફસાઈ લગ્ન કરી બે લાખ રૂપિયા મા નાહી નાખેલા પીડિત ના મોટાભાઈ ને પાલનપુર તાલુકા પોલીસે ફરિયાદ લેવાની ના પાડી હતી.જો કે હાઈકોર્ટ માં પિટિશન દાખલ કરી અને ફરિયાદ લેવાનો આદેશ કરાવનાર પ્રવીણ ભાઈ એ (૧)વલજીભાઈ ડામર ભાઈ લુહાર-કુંભાસણ(૨)રમજાનશા જુસુબશા ફકીર-પાલનપુર (૩)આશાબેન-માલેગાંવ (૪)નસરીનબેન-માલેગાંવ (૫)જયોતિબેન-માલેગાંવ (૬)પૂજાબેન કન્યા-માલેગાંવ એમ કુલ ૬ સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ કરી ન્યાય ની ગુહાર લગાવી છે.

**સાણંદ ખાતે શ્રીમદ્...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

અને પૂજય આનંદમૂર્તિજી મહારાજની દિવ્ય ધર્મવાણીને બી-રદાવી હતી. સુરત, હિંમતનગર, સાણંદ, અમદાવાદ, પાલનપુર, અંબાજી, ડીસા, માંડલ, વિરમગામ, સાબરકાંઠા, ઉત્તર ગુજરાત સહિત સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં સ્વયંસેવકોએ ખાસ ઉપસ્થિત રહીને આયોજનમાં અને સમગ્ર વ્યવસ્થામાં પૂર્ણ સહકાર આપ્યો હતો. કથાના આખરી દિવસે દ્વારકા જગતગુરૂ શંકરાચાર્યજીના પ્રતિનિધિ દંડીસ્વામી પૂજય સદાનંદજી સરસ્વતીજી મહારાજ, પૂજય વિક્રમનાથજી ગુરૂ શામળનાથજી મહારાજ, પૂજય જાનકીદાસજી બાપુ - કમીજલા, ચૈતન્ય શંભુ મહારાજ, મોઢેરાના અવધકિશોરદાસજી રામાયણી, ટેંટાડાના સીયાવલ્લભદાસજી મહારાજ અને રામરતનજી મહારાજ, સાણંદનાં સૂર્યાદિવીજી, બાવલુના શ્રધ્ધાનંદજી મહારાજ, હાથીજણ ગુરૂકુળના શ્રીજી સ્વામી સહિત ખૂબ મોટી સંખ્યામાં સંતો - મહંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કથાના સાત દિવસ દરમ્યાન ભાવનાબેન ગોકલાણીનો આનંદનો ગરબો, થરા જલારામ મંદિર દ્વારા ભજનો, ઓમ નમઃ શિવાયની ધૂન, ભજનોનો કાર્યક્રમ એમ વિવિધ કાર્યક્રમોથી સાતેય દિવસ અતિ ભરચક રહ્યા હતા.

પૂજય ગુરૂદેવ આનંદમૂર્તિજી મહારાજની આગામી કથાઓ હરિદ્વાર, ચિત્રકૂટ, સાબરકાંઠા અને થરા ખાતે યોજાનાર છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખૂબ જ આગવી શૈલીમાં ભગવાનભાઈ બંધુ, નંદુભાઈ બારોટ અને રાજેન્દ્રસિંહજી વાઘેલાએ કર્યુ હતું. જી.ટી.પી. એલ.ની ભકિત ચેનલ ઉપર સમગ્ર કથાના સાતેય દિવસનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. સૌના માટે ચા, પાણી, નાસ્તો, ભોજન, નિવાસસ્થાન, બેઠક વિગેરેની અતિ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. અંદાજે ૨૦૦ જેટલા સ્વયંસેવકોએ ખડેપગે હાજર રહીને સૌની વ્યવસ્થા સચવાય તેવા પ્રયત્નો નિષ્ઠાપૂર્વક કર્યા હતા. સમગ્ર કથા દરમ્યાન અંદાજે ચાલીસથી પચાસ હજાર ભાવિકોએ કથા શ્રવણ અને ભોજનનો લાભ લીધો હતો.

**યુ.એસ.ના ગાયક...**

**પાના નં.૩ ચાલુ**

સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી વૈશ્વિક સંસ્થાના નેજા હેઠળ કામ કરતી યુનેસ્કો અને યુ.એન.ડી.પી જેવી અનેક સંસ્થાઓ સાથે મળીને તેમણે કુદરતી આફત પછી સર્જાનાર સ્થિતિમાં પુનર્વાસની કામગીરી નિભાવી છે.

આ પ્રસંગે ડગે અંગ્રેજીમાં અને પાટ્રીસ વેઈએ ફ્રાંસ ભાષામાં પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. જેનો અનુવાદ નાયસાએ કર્યો હતો. જાપાનના શ્રીમતી તોવો કાવાને ગુજરાતીમાં ઉદ્દબોધન કર્યું હતું. ડૉ.કનુભાઈ વહોરાએ સંસ્થાનો વિસ્તૃત પરિચય આપી બધાને આવકાર્યા હતા.

લેખક કનુભાઈ આચાર્યે રામજીભાઈના કાર્યને અંજલિ આપતાં જણાવ્યું હતું કે રામજીભાઈએ લોકોને નિર્ભય બનાવ્યા હતા. તેમણે લોકોને ખુદ્દારી શીખવી. ખુમારીથી કેમ જીવાય તે બતાવ્યું. સાદગીના પ્રતીક સમા રામજીભાઈએ એકાવન વર્ષ અવિરત સેવા બજાવી હતી.

વિશ્વ શાંતિ માટે હજારો કિલોમીટરની પદયાત્રા કરનાર પ્રેમકુમારની પુત્રી નાયસાએ આ પ્રસંગે કથ્થક નૃત્ય કર્યુ હતું. વિશ્વના અનેક દેશોમાં કથ્થક નૃત્ય કરનાર નાયસા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ફ્રેંચ, જાપાની, પંજાબી વગેરે અનેક ભાષાઓ જાણે છે. કોઈપણ સ્કૂલમાં અભ્યાસ કર્યા વગર સ્વઅધ્યયન કરનાર નાયસાને શિક્ષણક્ષેત્રે વિશ્વ એવોર્ડ પ્રાપ્ત થયા છે. વર્ષાબહેન બારોટે સુંદર કંઠે હમે ઈતની શક્તિ દેના પ્રાર્થના રજૂ કરી હતી. તથા ભાવેશભાઈ પટેલે કાર્યક્રમનું મનભાવન સંચાલન કર્યું હતું. આ પ્રસંગે જયંતીભાઈ ઠક્કરે સંતશ્રી આનંદમૂર્તિજીના કાર્યક્રમ માટે પ્રેમકુમાર પરિવારને નિમંત્ર્યા હતા. બનાસકાંઠા જિલ્લા વિચરતા સમુદાય સમર્થન મંચના સંયોજક ઈશ્વરભાઈ રાવળ તથા લોકસાહિત્યકાર મેહુલ મહારાજ તથા અનેક આગેવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**બનાસકાંઠા જિલ્લામાં...**

**પાના નં.૩ ચાલુ**

તથા શાળાના વિધાર્થીઓ ગ્રામજનો અને તાલુકા કક્ષાના સ્વચ્છ ભારત મિશન સ્ટાફ ધ્વારા ગામમાં પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં બાળકો જોડાયા હતા અને સ્વચ્છતા રાખવા તથા શૌચાલયનો ઉપયોગ કરવા અંગે સમજણ આપવામાં આવી હતી. સ્વસહાય જુથની બહેનો અને ફિમેલ હેલ્થ વર્કર ધ્વારા શૌચાલય વિહોણા કુંટુંબોની મુલાકાત લઇ સ્વચ્છતા વિશે વ્યક્તિગત સંવાદ કરવામાં આવ્યો હતો. જેમાં સ્વચ્છતાના અભાવના કારણે થતાં બાળમૃત્યુ તથા આર્થિક નુકશાન જેવી ગંભીર બાબતોથી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

**લાખણી તાલુકાના...**

**પાના નં.૩ ચાલુ**

ગામડાના અને જરૂરિયાતમંદ લોકોને આરોગ્યની સેવા કરવામાં આવશે. આ વિસ્તારના લીધે આ રોગ નિદાન કેમ્પમાં આવી પોતાના શરીરમાં દેખાતા કોઈપણ રોગ વિશેની માહિતી અને માર્ગદર્શન મેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે. આ કેમ્પનો લાભ લેવા માંગતા દર્દીઓએ અરવિંદભાઈ દવે - મો.નં.૯૫૩૭૯ ૫૯૦૩૦ પર પોતાની નોંધણી કરાવી લે તે જરૂરી છે.

# નર્મદા પાણીના પ્રશ્ને કોંગ્રેસે ગુજરાતને અન્યાય કર્યો હતો

અમદાવાદ

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર વધુ લોકપ્રિય ન થઈ જાય એ હેતુથી કેન્દ્રની યુપીએ સરકારે છ વર્ષ સુધી સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધ પર દરવાજા મુકવાની મંજુરી નોતી આપી. નરેન્દ્ર મોદી વાડપ્રધાન બનતા માત્ર ૧૪ દિવસમાં જ દરવાજા મુકવાની મંજુરી આપી દીધી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે વિધાનસભા ગૃહમાં પુરક માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા જણાવ્યું હતું કે, છ-છ વર્ષ સુધી દરવાજા મુકવાની મંજુરી નહીં આપીને કોંગ્રેસ દેશને અને ગુજરાતને અન્યાય કર્યો છે. નર્મદા યોજના અને આનુષાંગિક આયોજનોથી સમગ્ર ગુજરાતને પીવાનું પુરતું પાણી મળ્યું છે. નર્મદા અને અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજનાઓ દ્વારા કુલ ૧૨૦૨૮ ગામોને પીવાના પાણીની સુવિધાઓથી જોડી દેવામાં આવ્યા છે. રાજ્યમાં ૫૮૦૦થી વધુ સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ અને ૧૩૦૦૦થી વધુ મીની પાઈપ લાઈન યોજનાઓ કાર્યરત છે. રાજ્યમાં અઢી લાખથી વધુ હેન્ડપંપ બેસાડવામાં આવન્યા છે. રાજ્યના કુલ ગ્રામ્ય પરિવારો પૈકીના ૭૬ ટકાથ વધુ ઘરોમાં નળ જોડાણથી પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૬-૧૭ની પૂરક માંગણીઓ વિધાનસભા ગૃહે મંજુર કરી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પૂરક માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા જણાવ્યું હતું કે, કુલ ૧૦૮ માંગણીઓ પૈકી ૬૩ માંગણીઓ ઉપર વધારાની પૂરક માંગણીઓ રજૂ કરાઈ હતી. આ તમામ માંગણીઓ વિધાનસભા ગૃહે મંજૂર કરી હતી.નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત કરેલી કામગીરી સમગ્ર દેશ માટે ઉદાહરણરુપ છે. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે રાજયની આઠ મહાનગરપાલિકા અને તમામ ૧૬૨ નગરપાલિકાને ખુલ્લામાં શૌચાલય મુક્ત જાહેર કર્યા છે જે ગુજરાત માટે ગૌરવરુપ છે. રાજ્ય સરકારે અનુદાન અને પ્રોત્સાહન આપ્યું તેના કારણે ગુજરાતભરમાં ૫ લાખ ૫૪ હજાર ૩૪૧ જેટલા શૌચાલયો ગરીબોના ઘરમાં નિર્માણ પામ્યા છે, જેના કારણે ખુલ્લામાં શૌચક્રિયામાંથી પરિવારોને ખાસ કરીને મહિલાઓ-બાળકોને મુક્તિ મળી છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ગામડાઓના સુગ્રથિત વિકાસ થતી જ દેશનો અને રાજયનો સર્વાંગી વિકાસ શક્ય છે તેને ગુજરાત સરકારે પ્રાથમિકતા આપી છે અને માળખાગત સવલતોનું નિર્માણ કર્યું છે જેના પરિપાકરુપે રાજયમાં તાજેતરમાં ૧૦૫૦૦ જેટલી પંચાયતોની મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણીઓ યોજાઈ હતી જેમાં ૯૦૦૦થી વધુ ગામોના સરપંચો ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને વરેલા ચૂંટાયા છે તે જ દર્શાવે છે કે, ગુજરાતની જનતા રાજ્ય સરકારની કામગીરીથી કેટલો સંતોષ અનુભવે છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ અને દિર્ધદ્રષ્ટિને કારણે માળખાગત સવલતોનો વ્યાપ વધ્યો છે.

# મોડલ સ્ટેટ યાદીમાં ગુજરાત નશામુક્ત ક્યારે બની શકશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના સહપ્રવક્તા અને અમદાવાદ શહેરના દરિયાપુર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખનો આજરોજ વિધાનસભા ગૃહમાં અગ્રતાક્રમ-૯નો અગત્યનો પ્રશ્ન હતો કે, છેલ્લા બે વર્ષમાં માસવાર અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી દારૂની પરમીટ આપવા માટે કેટલા ઈસમોને પ્રમાણપત્ર, ભલામણ કે પરમીટ આપવામાં આવી છે જેના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫માં ૧૯૫૩ અને ૨૦૧૬માં ૨૯૯૪ દારૂની પરમીટ આપવામાં આવી છે. રાજ્યમાં જ્યારે અત્યારે દારુબંધીના કાયદાની સદંતર અવહેલના થઇ રરહી છે અને સરકાર તેના અમલમાં નિષ્ફળ રહી છે ત્યારે આવા અગસ્તના પ્રશ્નને ચર્ચામાં જ નહીં આવવા દેવા માટે સરકાર તરફથી કારસો રચવામાં આવ્યો હતો અને મંત્રીઓ દ્વારા આગળના અગ્રતાના છ પ્રશ્નોના લાંબા લાંબા જવાબો આપીને પ્રશ્નોત્તરીકાળનો એક કલાકનો સમય પસાર કરી દેવાયો હતો, જેથી શેખનો અગત્યનો પ્રશ્ન ચર્ચામાં આવી શક્યો ન હતો. શેખે જણાવ્યું હતું કે, ગુજરાતની બહેનો અને જનતા જનતારેડ કરવા મજબૂર બની ચે ત્યારે ૨૦૧૭ની ચૂંટણીઓમાં જનઆક્રોશથી બચવા સરકાર દ્વારા કમને ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક લાવવામાં આવે છે પરંતુ તેનો ચુસ્ત અમલ કરાવાતો નથી. ગુજરાતમાં આજે પરમીટરાજ ઉભું કરીને પાછલા બારણે દારુના વેચાણને સરકારે છુટો દોર આપી દીધો છે. હેલ્થ પરમીટના નામે દારુ પીનારાને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. પરમીટોની સંખ્યા દિવસને દિવસે વધતી જઇ રહી છે. મે-૨૦૧૬માં પરમીટની સંખ્યા ૫૮૦૦૦ ઉપર હતી. વાયબ્રન્ટ ગુજરાત સમિટ વખતે અને પ્રવાસી ભારતીય દિનની ઉજવણી વખતે અમદાવાદની હોટલોમાં ૧૪ હજાર જેટલી દારૂની બોટલોનું પરમીટ ધારકોને વેચાણ થયું હતું. આજકાલ ભારતમાં અને વિશ્વમાં ગુજરાતને મોડેલ જાહેર કરવાની હોડ લાગી છે પરંતુ મોડેલ સ્ટેટની યાદીમાં હજુ સુધી નશામુક્ત ગુજરાત ઉમેરાયું નથી. ગુજરાતને ડ્રાય સ્ટેટ કહેવામાં આવે છે પરંતુ વાસ્તવિકતા બિલકુલ જુદી જ છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૪૯૪૭ જેટલી પરમીટ આપવામાં આવે છે. એક જ વર્ષમાં પરમિટો આપવામાં ૩૩ ટકાનો વધારો થયો છે.

# લોકોને ઘરઆંગણે સારવાર આપવા સરકાર કટિબદ્ધ

ગાંધીનગર

આરોગ્ય રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજયના નાગરિકોને ઘર આંગણે જ તબીબી સારવાર મળી રહે તે આ સરકારની પ્રાથમિકતા રહી છે જેના ભાગરુપે રાજયના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૮૬ ટકા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૯૦ ટકા તબીબી અધિકારીઓની સેવા ઉપલબ્ધ છે. આજે વિધાનસભા ખાતે અમદાવાદ જિલ્લામાં મંજુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી ચૌધરીએ ઉમેર્યું હતું કે, નાગરિકોને પ્રાથમિક સારવાર સત્વરે મળે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને અંતરિયાળ વિસ્તારમાં પણ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનાવી તબીબી અધિકારી (વર્ગ-૨) માટે ડોક્ટરો સેવા આપે તે માટે વધારાનો ૨૫ હજાર ખાસ પગાર ખાસ કિસ્સામાં આપવાનો નવતર અભિગમ દાખવ્યો છે જેના પરિપાકરુપે રીમોટ એરિયામાં પણ ડોક્ટરો સેવા આપતા થયા છે જે ૧૦ ટકા જગ્યાઓ ખાલી છે તે આગામી સમયમાં સત્વરે ભરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં નવ સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરાયા છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૩૦૦૦-૪૩૫૦૦**
રૂપુ કાચું ૪૩૦૦૦-૪૩૫૦૦
સોનુ તોલો ૨૯૭૦૦-૩૦૦૦૦
**તેલ બજાર**
રાધે પામોલીન ૧૦૦૦
પામોલીન ૯૬૦
સોયા રીફાઈન ૧૨૭૦
રાયડાતેલ ૧૫કી૧૨૩૦
સીંગતેલ૧૫ લી. ૧૬૭૦
સીંગતેલ ૧૫ કી.૧૬૮૦
સીગતેલ ૫ લી. ૫૨૦
તિરૂપતી કપા. ૧૨૫૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૧૦૦
રા.રીફાઈન્ડ ૧૯૫૦
કોપરેલ ૧૫ કિલો ૨૧૫૦
૫ કે. કોપરેલ ૮૦૦
૫લી. અંકુર સીંગતેલ ૫૨૦
**૧૫ લીટર સનફલાય ૧૨૬૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૭૦
૫ લી. ૩૯૦
૨ લી. ૧૫૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૩૯૦૦
ગેટવે ડેઈલી ૩૪૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૯૫૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૬૫૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૬૬૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૬૮૫૦
ઈ.ગેટતીબાર ૧ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૬૨૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૬૪૫૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૬૫૦૦
દુન પ્રીમીયમ ૭૨૦૦
દુન તીબાર ૨૫ કી.૬૬૦૦

દુન તીબાર ૧૦ કી.૭૦૦૦
દુન તીબાર ૫ કી. ૭૩૫૦
દુન તીબાર ૧ કી. ૭૪૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૬૧૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૬૫૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૪૫૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૩૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૦૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૫૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૬૫૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર ૭૨૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૮૫૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૬૫૦૦
લાલ કિલ્લો દુબાર ૫૨૦૦
લાલ કિલ્લો મોગરો ૪૨૨૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૦૦૦
હેરીટેજ તીબાર ૬૫૦૦
હેરીટેજ દુબાર ૫૦૦૦
હેરીટેજ મીની દુબા ૪૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦

મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૮૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૮૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૭૪૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૧૦૦**
**ખાંડ એમ. ૪૧૫૦**
ખાંડએલ. ૪૧૫૦-૪૨૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦

વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૫૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૫૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૨૦-૧૬૦
લસણ ૧૨૦૦-૧૩૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૨૪૦-૩૦૦
લીબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૫૦૦-૬૦૦
રીંગણ ૨૦૦-૩૦૦
ટામેટા ૧૬૦-૨૪૦
ભીંડા ૬૦૦-૭૦૦
કોબી ૧૦૦-૧૪૦
વટાણા ૨૬૦-૩૦૦
ટીંડસા ૪૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૩૦૦
બાદશાહ બટાકા ૧૦૦-૧૩૦
સાંગા બટાકા ૭૦-૧૦૦
ફુલાવર ૧૨૦-૨૦૦
ચોળી ૪૫૦-૮૦૦
લીલું લસણ ૬૦૦-૭૦૦
લીલા ચણા ૬૦૦-૬૫૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## હેપ્પી બર્થ-ડે માનસી



પિતા :-વિક્રમભાઈ પ્રજાપતી
માતા :- રૂખીબેન પ્રજાપતી
ઉમાભાઈ ભલાભાઈ પ્રજાપતી
નાની : જમકુબેન ભલાભાઈ પ્રજાપતી
મામા : હરચંદભાઈ ભલાભાઈ, ભીમાભાઈ નવાભાઈ, બાબુભાઈ નવાભાઈ
ફઈ : વિલાબેન ભીખાભાઈ
જન્મ તા.3/03/૨૦૧૫
ઉ.વ.૨
મુ.ધ્રાન્ડવ તા.દીઓદર (બ.કાં.)

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ............................................

# કાલરીથી વચ્છરાજ દાદાના ધામના પદયાત્રી સંઘનું પ્રસ્થાન



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના કાલરી ગામના રાજપૂત સમાજ દ્વારા કાલરીથી નાનારણની મધ્યમાં બીરાજમાન વચ્છરાજ દાદાના ધામ સુધી પગપાળા સંઘનું આયોજન કરાયું છે. આ સંઘ મંગળવારે સવારે પ્રસ્થાન થયો હતો. સંઘ બહુચરાજી ખાતે આવી પહોંચતા બહુચરાજી પાટીદાર સમાજ દ્વારા નારણપુરા વાડી ખાતે સ્વાગત કરાયું હતું. અહીં ધજાની પૂજા અર્ચના તેમજ પદયાત્રીઓ માટે ચા - નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી.

# રાધનપુર સ્થિત શ્રી કે.ડી.ઠક્કર બાપા ઈંગ્લીશ મિડિયમ રાધનપુરમાં વાર્ષિકોત્સવનો કાર્યક્રમ યોજાયો

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી કે.ડી.ઠક્કર બાપા ઈંગ્લીંશ મિડિયમ સ્કૂલ, રાધનપુરમાં તા.૨૧/૨/૨૦૧૭ ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ૧૯ મો વાર્ષિકોત્સવ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સ્કૂલના તમામ વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આકાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, પ્રિન્સિપાલ શ્રીમતી મિત્તલબેન, કો.ઓર્ડિનેટર શ્રીમતી શિલ્પાબેન, સુપરવાઈઝર શ્રીમતી રીનાબેન તથા શ્રીમતી ધરતીબેન તથા સમગ્ર સ્ટાફે ભારે જહેમત કરી હતી. આ કાર્યક્રમનુ મેનેજમેન્ટ કલાર્ક દિપકભાઈ ઠક્કરે સંભાળ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ટ્રસ્ટના પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણી, ઉદ્દઘાટન તરીકે ઓને.સેક્રેટરી ડો.નવિનભાઈ ઠક્કર, મુખ્ય મહેમાન તરીકે ધીરૂભાઈ પી.ઠક્કર (પંપવાળા) તેમજ સ્થાનિક અન્ય ટ્રસ્ટીગણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભારે સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ હાજર રહ્યા હતા અને આનંદ ઉલ્લાસથી કે.ડી., રોકસ્ટાર - ૨૦૧૭ ના કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

# બેચરાજીમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

ચાણસ્મા

બેચરાજી ખાતે આગામી તા.૫/૩/૨૦૧૭ ને રવિવારના રોજ એસ.ટી. વર્કશોપની સામે આવેલી નારણપુરા વાડીમાં ગ્લોબલ હોસ્પિટલ અમદાવાદ દ્વારા મેગા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. સવારે ૯ થી ૨ વાગ્યા દરમિયાન યોજાનારા આ મેગા મેડીકલ કેમ્પમાં અમદાવાદના નામાંકિત ડૉકટરો સેવા આપશે. ગ્લોબલ હોસ્પિટલના એમ.ડી. સુરેશભાઈ જાનીના જણાવ્યા મુજબ બહુચરાજી તેમજ આસપાસની ગ્રામ્ય જનતાને આરોગ્ય વિષયક સેવાઓ નિઃશુલ્ક મળી રહે તે માટે મેડીકલ કેમ્પનું આયોજન કરાયું છે. તેમાં ડાયાબિટીસ, હૃદયરોગ, હાડકાં અને સાંધાના રોગ, બાળ રોગ, પેટ સંબંધિત રોગો, સ્ત્રી રોગો, પ્રસુતિ સંબંધી રોગો, દાંત તેમજ આંખોને લગતા રોગોના નિષ્ણાંત સેવા આપશે. જરૂરિયાતમંદ દર્દીઓને નંબરના ચશ્મા નિઃશુલ્ક આપવામાં આવશે. કેમ્પમાં ભાગ લેનાર જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક ડાયાબીટીસની તપાસ, બીપીની તપાસ, ઈસીજી કરી આપવામાં આવશે. દવાઓ પણ વિનામુલ્યે આપવામાં આવશે. જયારે હૃદય સંબંધી અથવા ઓપરેશનની જરૂર હોય તો ગ્લોબલ હોસ્પિટલ દ્વારા ૫૦ ટકા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે. આ માટે. સમયસર નામ નોંધાવી લેવા જણાવાયું છે.

# વિવિધ બજાર ભાવ

**ડીસા**

| | |
|---|---|
| ઘઉં | ૭૬૦-૭૭૭ |
| રાયડો | ૬૬૦-૬૮૦ |
| મગફળી | ૮૩૦ |
| બાજરી | ૨૮૦-૩૩૪ |
| અડદ | ૭૫૧ |
| જીરૂ | ૨૮૫૦ |
| ગવાર | ૬૫૫-૭૦૦ |
| રાજગરો | ૭૦૦-૮૦૦ |

**ભીલડી**

| | |
|---|---|
| એરંડા | ૭૭૫-૭૮૦ |
| રાયડો | ૬૩૫૬૭૧ |
| ઘઉં | ૩૨૧ |
| બાજરી | ૨૭૧-૬૭૧ |
| ઘઉં | ;૨૧ |
| બાજરી | ૨૭૧-૨૯૮ |
| ગવાર | ૬૭૪-૬૯૫ |
| રાજગરો | ૬૬૦-૭૮૦ |
| તલ | ૧૨૨૫ |
| અડદ | ૯૫૫-૨૬૫૧ |
| સરસવ | ૬૧૪-૬૮૦ |

**લાખણી**

| | |
|---|---|
| એરંડા | ૭૫૯-૭૮૨ |
| રાયડો | ૬૪૦-૭૧૧ |
| બાજરી | ૩૦૦-૩૧૦ |
| રજ.બા. | ૩૦૪-૩૦૮ |
| ગવાર | ૬૮૧-૭૦૧ |
| રાજગરો | ૭૩૧-૭૫૧ |

**પાલનપુર**

| | |
|---|---|
| ઘઉં | ૨૮૪-૩૯૦ |
| બાજરી | ૨૮૦-૩૧૦ |
| અડદ | ૯૦૦-૯૩૧ |
| ગવાર | ૬૬૧-૬૯૪ |
| એરંડા | ૭૫૫-૭૮૦ |
| રાયડો | ૬૧૧-૬૯૦ |
| વરીયાળી | ૯૫૦-૨૦૦૦ |
| રાજગરો | ૫૫૦-૮૨૮ |

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૨૭૦૦-૩૧૨૫ |
| એરંડા | ૭૭૦-૭૭૯ |
| રાયડો | ૬૩૦-૬૮૬ |
| વરીયાળી | ૧૦૦૦-૧૧૧૦ |
| ગવાર | ૬૫૫-૬૬૨ |
| ઘઉં | ૩૧૦-૩૭૦ |
| બાજરી | ૨૯૦-૩૧૦ |

**ધાનેરા**

| | |
|---|---|
| બાજરી | ૨૯૧-૩૨૫ |
| ગવાર | ૬૫૫-૬૯૧ |
| રાજગરો | ૬૫૧-૮૧૧ |
| સરસવ | ૭૨૫-૭૪૦ |
| રાયડો | ૬૨૦-૬૯૮ |
| એરંડા | ૭૩૦-૭૮૦ |
| જીરૂ | ૩૦૯૭ |
| તલ | ૧૨૧૧ |

**થરાદ**

| | |
|---|---|
| ઈસ. | ૧૮૭૦-૨૧૩૧ |
| મેથી | ૫૫૦-૫૫૧ |
| તલ | ૧૧૫૦-૧૨૧૫ |
| જીરૂ | ૨૬૫૦-૩૩૦૦ |
| એરંડા | ૭૭૦-૭૭૯ |
| ગવાર | ૬૭૫-૬૯૭ |
| મગ | ૭૨૧-૭૭૮ |
| મઠ | ૫૦૦-૫૨૧ |
| બીજડા | ૮૯૦-૯૭૦ |
| રાયડો | ૬૬૫-૭૧૮ |

**રાહ**

| | |
|---|---|
| રાયડો | ૬૮૦-૬૯૦ |
| એરંડા | ૭૭૫-૭૮૦ |
| બાજરી | ૨૮૦-૩૦૦ |

**વડગામ**

| | |
|---|---|
| રાયડો | ૬૩૪-૬૬૧ |
| એરંડા | ૭૭૫-૭૭૮ |
| ગવાર | ૬૮૦-૭૦૦ |

**સિદ્ધપુર**

| | |
|---|---|
| રાયડો | ૫૫૦-૭૦૫ |
| એરંડા | ૭૫૦-૭૮૫ |
| અડદ | ૯૪૧ |
| ગવાર | ૬૬૬-૭૦૦ |
| ઘઉં | ૨૮૦-૪૩૫ |
| બાજરી | ૨૨૫-૩૧૧ |
| જુવાર | ૩૦૪-૪૩૪ |
| કપાસ | ૧૦૦૦-૧૧૬૦ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૨૬૮૯-૩૧૭૧ |
| વરીયાળી | ૧૦૫૧-૧૪૩૧ |
| મેથી | ૫૯૧-૬૧૯ |
| રાયડો | ૬૨૦-૭૨૧ |
| એરંડા | ૭૫૦-૭૮૫ |
| તલ | ૧૧૫૨-૧૨૭૬ |
| રજ.બા. | ૨૯૫-૩૨૨ |
| ઘઉં | ૩૦૦-૩૭૧ |
| જુવાર | ૪૫૦-૫૩૪ |
| બાજરી | ૨૭૫-૨૯૯ |
| અડદ | ૮૮૦-૧૦૪૦ |
| ગવાર | ૬૬૦-૬૯૫ |
| કપાસ | ૯૩૦-૧૧૭૬ |

# બે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ માટે ઉદ્યોગ વિભાગ દ્વારા રૂા. ૧૧૮ કરોડનું આંધણ

પ્રતિનિધિ સિધ્ધપુર

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી અને સિધ્ધપુરના ધારાસભ્ય- બલવંતસિંહ રાજપુતે ગત બુધવારે પૂછેલ તારાંકિત પ્રશ્ન નંબર ૧૦૧ ''વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં ઉદ્યોગ વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ'' ના જવાબમાં માનનીય મુખ્યમંત્રી ઉદ્યોગ દ્વારા જણાવાયું હતું કે, વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૫ માં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ માટે ઉદ્યોગ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩ માં રૂા. ૫૦.૮૫ કરોડ અને વર્ષ ૨૦૧૫ માં રૂા. ૬૬.૮૮ કરોડ મળીને કુલ રૂા. ૧૧૭.૭૩ કરોડનું ખર્ચ માત્ર ઉદ્યોગ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.

બલવંતસિંહ રાજપૂતે આ અંગે જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત માટેના દરેક જુદા જુદા કાર્યક્રમો માટે જુદી જુદી સંસ્થાઓની સ્પોન્સશીપ દ્વારા તેમના (વાઈબ્રન્ટ) નામે ખર્ચ કરવામાં આવે છે તે અલગથી છે, એમ મળીને અંદાજે કુલ રૂા. ૧૦૦ કરોડ કરતાં પણ વધુ ખર્ચ થાય છે. કુલ ૭ વાયબ્રન્ટમાં ગુજરાતમાં ૪૪% પ્રોજેક્ટો પડતા મૂકાયા છે. પ્રથમ ૬ વાયબ્રન્ટમાં સરકારે ૫૨ લાખ લોકોને રોજગારી આપવાની જાહેરાત કરી હતી. જેની સામે ૧૦% લોકોને પણ રોજગારી મળી નથી. જેને કારણે ગતિશીલ ગુજરાતમાં બેરોજગારી વધી રહી છે. તેમજ ઔદ્યોગિક વિકાસ છેલ્લા ૩ વરસમાં અંદાજે ૨% જેટલો ઘટ્યો છે.

# સહભાગી સિંચાઈ વ્યવસ્થા તથા જમીન સ્વાસ્થ્ય સુધારણા અંગે માર્ગદર્શન શિબિર યોજાઇ

પાટણ

સરદાર સરોવર નર્મદા નિગમ લી.ના નાયબ ખેતી નિયામક, પાટણ વિંગ દ્વારા સહભાગી સિંચાઈ વ્યવસ્થા તથા જમીન સ્વાસ્થ્ય સુધારણા કાર્યક્રમનું આયોજન બનાસકાંઠા જિલ્લાના ભાભર ખાતેના જય ભવાની ફાર્મ પર થયું હતું,જેમાંપાટણ અને બનાસકાંઠા પંથકના પ્રગતિશીલ ખેડૂતો અને પિયત મંડળીના ૩૦૦ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા,જેમને સહભાગી સિંચાઈ વ્યવસ્થા અને નર્મદાના નીરના કાર્યક્ષમ ઉપયોગ વડે જમીન સુધારણા થકી આધુનિક ખેત પદ્ધતિઓનું માર્ગદર્શન અપાયું હતું,ખાસ કરીને નર્મદા વિભાગની કૃષિ વિંગના કાર્યવાહક સંચાલક આર.બી.મારબીયાએ ખેડૂતોને જણાવ્યું હતું કે, નર્મદા કમાન્ડ થકી ૧૮ લાખ હેક્ટર જમીનમાં હવે પિયતની વ્યવસ્થા માટે સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંતર્ગત પિયત મંડળીઓનું માળખું કાર્યરત કરાઈ રહ્યું છે. જેમાં વારબંધીથી પાણી લેવા તથા પાણી વિતરણ વ્યવસ્થા વિષે ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અધિક્ષક ઈજનેર જે.જે.પંડ્યા તથા એ.કે.ચૌહાણએ ખેડૂતોને નહેરની માળખાકીય સુવિધા



તથા માઈનોર કેનાલ સુધી પાણી વહેવડાવની હૈયાધારણા આપી હતી. ખેડૂતોના નહેરો અંગેના પ્રશ્નોનું સ્થળ ઉપર જ સમાધાન આપ્યું હતું. તથા હાજર રહેલા બાંધકામ શાખાના કાર્યપાલક ઈજનેર જે.એસ.સલુજા અને ડી.એન.તડવી તથા તેમની ટીમે ખેડૂતોને પડતી મુશ્કેલીઓ જાણી તેનું નિરાકરણ કેમ લાવવું તે સમજાવ્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પદ્મશ્રી ગેનાભાઈ પટેલનું નર્મદા નિગમ તરફથી નાયબ ખેતી નિયામક આઈ.ડી.પટેલે મોમેન્ટો અને શાલથી સન્માન કર્યું હતું. પ્રગતિશીલ ખેડૂત માવજીભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ભાભરના પ્રગતિશીલ ખેડૂત અને આ વિસ્તારમાં ખારેકની ખેતી માટે જાણીતા પોપટભાઈ અખાણીનું પણ સન્માન કરાયું હતું .

આ વિસ્તારમાં કૃષિના ઋષિ કહેવાતા માવજીભાઈ પટેલે પણ ખેડૂતોને હવે પોતાના પાકનું મૂલ્યવર્ધન કરવું પડશે અને તેમને ઉભી કરેલી ખેડૂત કંપનીની વાત સમજાવી હતી. વધુમાં સુધારેલી જાતના બિયારણ અને ઓર્ગેનિક ખેતીની સમજ પણ ખેડૂતોને આપી હતી.ખેડૂતો માટે સરકારે બજેટમાં સૂક્ષ્મ પિયત માટે ડ્રિપ ઈરીગેશનમાં ૭૦ટકા સબસીડી કરી તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

# અમરજ્યોત ઈન્ટરનેશનલ સ્કૂલ, રાધનપુરમાં વાર્ષિકોત્સની ભવ્ય ઉજવણી

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી અમરજ્યોત ઈન્ટરનેશનલ સ્કૂલ (દાતા : શ્રીમતી ઈન્દુબેન વસંતલાલ ઝોટા, મુંબઈ) માં વાર્ષિકોત્સવ યોજાઈ ગયો. જેમાં નર્સરીથી ધો.૬ ના તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને વિવિધ પ્રકારની કૃતિઓ રજુ કરી હતી. જેમાં ફીલ્મી સોંગ પર ડાન્સ, દેશભક્તિ ગીત, ડ્રામા, વક્તૃત્વ જેવી કૃતિઓ રજુ કરી હતી. કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય પ્રાણભાઈ ઠક્કર (ઝઝામવાળા) એ કર્યુ હતું. ચીફ ગેસ્ટ તરીકે મહેશભાઈ મુલાણી હાજર રહ્યા હતા. કાર્યક્રમના સૌજન્ય બનેલ બંને દાતાઓ જીતુભાઈ એ.ઠક્કર (માંડલાવાળા) તથા રાજેશભાઈ એસ.ઠક્કર (ખીમાણાવાળા) ને તમામ સ્રોતાઓએ તાળીઓથી વધાવ્યા હતા. આ ઉપરાંત ટ્રસ્ટીના કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી.ઠક્કર (પંપવાળા), ટ્રસ્ટી અશોકભાઈ કે.ઠક્કર હાજર રહ્યા હતા. જ્યારે ટ્રસ્ટના ઓન.સેક્રેટરી ડો.નવિનભાઈ ઠક્કરે પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

ટ્રસ્ટના અન્ય સંસ્થાના પ્રિન્સિપાલશ્રીઓ શ્રીમતી રેખાબેન ઠક્કર, શ્રીમતી મિત્તલબેન પટેલ ગૃહમાતા શ્રીમતી મીનાક્ષીબેન જોષી તેમજ શ્રીમતી રંજનબેન ભટ્ટ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, પ્રિન્સિપાલ શ્રીમતી મેઘાબેન ઠક્કર, કલાર્ક કૃણાલભાઈ ઠક્કર તેમજ સ્કૂલના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# પાટણમાં રહેણાંક વિસ્તારમાં આવેલી મરચાંની ફેક્ટરી અન્યત્ર ખસેડવા માંગ

પાટણ

પાટણમાં ચતુર્ભુજ બગીચાની પાછળ આવેલા રહેણાંક વિસ્તારમાં તીરૂપતિ મસાલા ફેક્ટરી આવેલી છે. જ્યાં લાલ મરચાં અને હળદર દળવામાં આવે છે. ફેક્ટરીવાળા મરચાંની સુકવણી જાહેર માર્ગ પર કરતા હોવાથી વાતાવરણ પ્રદુષિત બને છે અને દમ- શ્વાસના દર્દીઓને અહીંથી નિકળી શકાતું નથી. વર્ષોથી ચાલતી આ મસાલા ફેક્ટરીનો મરચાનો કચરો જાહેરમાં ફેંકવામાં આવતો હોય છે. બાજુમાં બગીચામાં બેઠા હોઈએ ત્યારે હવામાં મરચાનો પાવડર (ભૂકી) ઉડતી હોય છે. જેથી અહીંથી આવજા કરતા હોય છે ત્યારે તેમની આંખોની અંદર બળતરા થતી હોવાનું પણ કહેવાય છે. જેથી મરચાની ફેક્ટરી અન્યત્ર ખસેડવા લોકમાંગ ઉઠી છે.

# પાટણ જિલ્લાના કિસાન મોરચા મંડળના પ્રમુખ- મહામંત્રી તરીકે નિમણુંક કરાઈ

પાટણ

પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલની અનુમતીથી, જિલ્લા ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, પ્રવિણભાઈ ઠક્કર તથા ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મગનભાઈ હીરાભાઈ પટેલ દ્વારા આજરોજ કિસાન મોરચાના પ્રમુખ તથા મહામંત્રીઓની નિયુક્તિ કરવામાં આવે છે. જેમાં

(૧) ચાણસ્મા શહેરઃ- પ્રમુખઃ- પટેલ દેવચંદભાઈ મણીલાલ મહામંત્રીઃ- પટેલ માણેકલાલ કચરાદાસ (૨) હારીજ શહેરઃ- પ્રમુખઃ- પટેલ પરેશભાઈ શ્યામભાઈ મહામંત્રીઃ-રાવલ નરેશભાઈ સરતનભાઈ (૩) ચાણસ્મા તાલુકોઃ- પ્રમુખઃ- પટેલ દશરથભાઈ કાશીરામ (દાંતકરોડી) મહામંત્રીઃ- દેસાઈ કાન્તિભાઈ ધનાભાઈ (ગલોલીવાસણા) (૪) સમી તાલુકોઃ- પ્રમુખઃ- નાડોદા ભરતભાઈ ગગજીભાઈ મહામંત્રીઃ- ભરવાડ ગોકળભાઈ પાંચભાઈ (સમશેરપુરા) (૫) રાધનપુર તાલુકોઃ- પ્રમુખઃ- ચૌધરી માવજીભાઈ હીરાભાઈ મહામંત્રીઃ- રાવલ પ્રવિણભાઈ દશરથભાઈ અને (૬) સાંતલપુર તાલુકોઃ- પ્રમુખઃ ઠાકોર અરજણભાઈ ડાહ્યાભાઈ (બામરોલી) મહામંત્રીઃ- દેસાઈ નાથાભાઈ રામભાઈ (પરસુંદ) વગેરેની નિયુક્તિ કરવામાં આવી છે.

# રાધનપુરમાં વોર્ડ નં.૧ અને ૬ માં ભાજપની બેઠક મળી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકના પ્રભારી શ્રવણકુમાર રાવ દ્વારા નગરપાલિકા વિસ્તારમાં ભાજપ સંગઠનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. બુધવારે રાત્રે વોર્ડ નં.૧ માં શંકરભાઈ નાનજીભાઈ ઠાકોરના ઘેર કાર્યકરોની બેઠક યોજી હતી. જેમાં વોર્ડના તમામ સમાજના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વોર્ડ નં.૬ માં પાલિકા પ્રમુખ જુગલદાસગરોના નિવાસ સ્થાને દલિત સમાજના પી.ડી.મકવાણા, રમુભાઈ મકવાણા, બંકિમચંદ્ર મકવાણા, કરશનભાઈ બારોટ, ગુલાબદાસ કાપડી સહિત અગ્રણીઓની બેઠક યોજી હતી. જેમાં કાર્યકરોને કેન્દ્ર અને રાજ્ય




સરકાર દ્વારા વિવિધ યોજનાઓનો લાભ સામાન્ય માણસ સુધી પહોંચે એ માટે સક્રિય બનીને લાભાર્થીઓને મદદરૂપ થવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત પક્ષના સંગઠનને મજબુત બનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ જશુભાઈ રાવલ અને મહામંત્રી ભરતભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

# પાયોનિયર પ્રાયમરી સ્કૂલ- ગોલાપુર, પાટણ દ્વારા ટેલેન્ટ હબ કાર્યક્રમ યોજાશે

પાટણ

કે.સી.પટેલ વિદ્યાસંકુલ સંલગ્ન પાયોનિયર સ્કૂલ દ્વારા તા. ૪ અને ૫ માર્ચ-૨૦૧૭ શનિવાર અને રવિવાર બે દિવસ ''ટેલેન્ટ હબ'' નું આયોજન સાકાર પાર્ટી પ્લોટ- જી.ઈ.બી સામે ચાણસ્મા હાઈવે, પાટણ મુકામે કરેલ છે. આ કાર્યક્રમનું ઉદ્દઘાટન જિલ્લા કલેક્ટર કે.કે.નિરાલાના હસ્તે કરી. ૪ માર્ચ- શનિવાર સવારે ૧૦:૦૦ વાગે ખુલ્લો મુકવામાં આવશે. જેમાં શાળાના તમામ વાલીમિત્રો- સ્નેહીઓ - મિત્રો વગેરે ઉપસ્થિત રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકો વર્ષભર અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ શાળા દ્વારા કરાવવામાં આવે છે. તે તમામ કુશળતાઓને વિદ્યાર્થીઓ પ્રદર્શિત કરશે. જેમાં ગણિતના વિવિધ મોડેલ્સ, પઝલ્સ, ગેમ્સ ઉપરાંત વિજ્ઞાન વિભાગમાં જુદા જુદા પ્રયોગોનું નિર્દેશન, કમ્પ્યુટર વિભાગમાં પ્રેઝન્ટેશન- પેઈન્ટીંગ વિભાગ જુદી જુદી પ્રકારના ચિત્રકામ, મ્યુઝિક કોર્નરમાં - તાલદરબાર- ડાન્સ કોર્નરમાં વિવિધ ભારતીય નૃત્યો- સ્પોર્ટસ એન્ડ યોગામાં- યોગચાપ- સૂર્યનમસ્કાર- વિવિધ આસનો- લેઝીમ- ડંબેલ્સ- સ્કેટીંગ ઉપરાંત સામાજીક સેવા વાનનો પરિચય- ભારતીય સંસ્કૃતિ દર્શન- વિવિધ વિષયો પર જુદી જુદી ભાષામાં સ્પીચ- આર્ટ એન્ડ ક્રાફટમાં વિવિધ કલાઓનું નિર્દશન અને કલ્ટીવેશન કોર્નરમાં બાળક દ્વારા જુદી જુદી ઘરગથ્થુ ઉપયોગી ઘડતરનું નિદર્શન કરશે. આ તમામ કાર્યક્રમોનું સંપૂર્ણ આયોજન અને પ્રદર્શન વિદ્યાર્થી દ્વારા કરવામાં આવશે અને સમગ્ર કાર્યક્રમને જોવા માટે સંસ્થા તથા શાળા પરિવાર દ્વારા શહેરના તમામ લોકોને જાહેર નિમંત્રણ આપવામાં આવેલ છે.

## પાટણ ખાતે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત

# જિલ્લાકક્ષા સ્વચ્છ શક્તિના સપ્તાહનો શુભારંભ કરાયો

પાટણ

નવા સરકીટ હાઉસ, પાટણ ખાતે ભારતના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા પૂ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ તા. ૦૨/૧૦/૨૦૧૪થી સમગ્ર ભારત દેશમાં સાર્વત્રિક સ્વચ્છતાને અનુલક્ષી સ્વચ્છ ભારત મિશનનો શુભારંભ કરવામાં આવેલ. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લાકક્ષાની સ્વચ્છ શક્તિ સપ્તાહનો શુભારંભ પાટણના સાંસદશ્રી લીલધરભાઈ વાઘેલા અને રાજયસભાના સાંસદશ્રી દિલીપભાઈ પંડયાએ કરાવ્યો હતો.

રાજય સરકાર દ્વારા સ્વચ્છ ગુજરાત અન્વયે સ્વચ્છ શક્તિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. તા. ૦૧/૦૩/૨૦૧૭ થી તા. ૦૮/૦૩/૨૦૧૭ દરમિયાન સ્વચ્છતા અંગે જનજાગૃત્તિના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.



રાજયના ગ્રામીણ વિસ્તારોમાં ઓડીએફનો હેતુ સિધ્ધ કરવા માટે સરકારી વિભાગો, બિન સરકારી સંસ્થાઓ અને વિવિધ સમુદાયોની ભાગીદારીથી સ્વચ્છ ભારતની વિભાવના ચરિતાર્થ થાય તે માટે સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તા. ૦૨/૦૩/૨૦૧૭ના રોજ ગ્રામ સુખાકારી સમિતિ અને નિગરાની સમિતિ દ્વારા લોકોને ગાંધીગીરી દ્વારા ફુલ આપી, હાથ જોડી, સમજાવીને ખુલ્લામાં શૌચક્રિયા જતા અટકાવવા માટે પ્રયાસ કરવામાં આવશે. ગામમાં પ્રભાત ફેરીનું આયોજન કરી મંજીરા, ઢોલ, ત્રાંસા સાથે સ્વચ્છતા અને શૌચાલયના ઉપયોગ સમજાવતી રેલીનું આયોજન કરવામાં આવશે.

# એલ.એન. કોલેજ ઓફ એજ્યુકેશન પાટણમાં વિદ્યાર્થી સંગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો

પાટણ

એલ એન કે. કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા પાટણમાં તાલીમ લઈ રહેલ તાલીમાર્થીઓમાં જ્ઞાન સજ્જતા કાર્યક્રમને ઉજવળ બનાવવામાં ૬૦ કોલેજોના તાલીમાર્થીઓએ સંગોષ્ઠિ કાર્યક્રમમાં ભાગ લીધો હતો આ કાર્યક્રમની શરૂઆત આચાર્ય ડો. એસ.પી. શર્મા બેનના પ્રાસંગીક પરિચય કરાવી તેમના દ્વારા મહેમાન પરિચય અને આવકાર વિધિ કરવામાં આવી ત્યારે અતિથિ વિશેષ ડો. સુધીરભાઈ ટંડેળ હેમ ઉ.ગુજ. યુનિ શિક્ષણ ભવનમાંથી જ્ઞાનના સંદર્ભમાં ઉંડાણ પૂર્વક પ્રવચન અને તેના દ્વારા શિક્ષકોમાં આવતા પરિવર્તન અને શિક્ષણમાં બદલાયેલ પરિસ્થિતિ મુજબ તૈયાર થયા અને તે મુજબ જીવનના ઉંડાણ પૂર્વક ગ્રહન કરવાની ક્ષમતાના આવા પરિવર્તનો સામે નાનનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વકતા નિજાનંદ સ્વામી ગોતરકા આશ્રમથી પધારેલ તેમને આ વિકાસ તાલીમાર્થી કે વ્યક્તિ પોતાને ઓળખતો થાય અને પરીક્ષારૂપી જ જ્ઞાન ન રાખતા અને જણવાને ઉપાય જ્ઞાન છે જ્ઞાન દ્વારા પોતાની સ્વની સમજને શરીરને જ સ્વને ઓળખી શકતા નથી તેમને વિવિધ આધ્યાત્મિક અને વિજ્ઞાનના ઉદાહરણ આપી પોતાના પ્રવચનમાં સ્વ ઓળખ કરાવી હતી આ પ્રસંગે સ્વામી નિજાનંદ સ્વામી સુધિરભાઈ ટંડોળ, આચાર્યા એસ.પી. શર્મા, નિલેશભાઈ રાજગોર તેમજ વિવિધ કોલેજના આચાર્ય, અધ્યાપક અને તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો સમગ્ર સંચાલન એલ.એન કે. કોલેજ એજ્યુકેશન પાટણના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો.

# {tsqhe ™ {¤Œk ,n™þrõŒ™e nË ykð
## …k÷™…wh ¾kŒu rð™k {tswh
## ƒnu™kuyu W„kBÞwt «íkf W…ð

(MktsÞ òu»ke)

{tsqhe ™ yk…™k ykŒ Œt°k yðZð{kt {wfkÞwt

# ÚkhkË{kt MkøkehkL sE [k÷fu Ëw»f{o yk[

# ðuzt[k „k{{kt ÷ø™™k ™k{u Yk.2.20 ÷k¾™e AuíkhÃktze

xku¤feLkku ðÄw yuf Mkkøkheík

÷ø™™wt ™kxf fhe [q™ {nkh»xÙ™e Vhkh fLÞ 6 ,k{u VrhÞkË

(MktsÞ òu»ke)

# Ëhe[ fuÃkwt Wkh xEðkm xðuh{ kt ÷ðËuþe ËkY Í zÃkÞk

Yk.h.Ãk7 ÷k¾Lkku rðËuþe ËkY íkÚkk økkze Mkrník Yk.7.61

÷k¾Lkku {wÆk{k÷ só : çkuLke yxfkÞík

# …k÷™…wh ¾kŒ [k÷fku™k Ähýk

# ÚkhkË{kt Ër÷íkku WÃkh Ë{Lk {wÆu ykðuËLkÃk°k yÃkkÞw

## Íuhzk LkSf rºkÃk÷ yfM{kík{kt yufL

ðknLkkuLkk MÃkuh ÃkkxoMk yLku çkxkxkLkk fèk hkuz WÃkh rð¾uhkÞk

¼k¼h LkSf çkku÷uhku yfM{kík{kt [k÷Lku økt¼eh Eò

yrLk÷ þkn

(ðLkhks®Mkn hkX)

MktsÞ òu»ke

yLkwMktÄkLk ÃkkLkk Lkt.6